MNE/413/2019-21

# વોઈસ ઓફ ઘાટકોપર

www.vognewslive.com | /vognewslive
બેસ્ટ ન્યુઝપેપર ઈન ટાઉન એવોર્ડ વિજેતા ઘાટકોપરનું પ્રિમીયમ ન્યુઝપેપર
Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684
વર્ષ : 13 ● અંક : 19 ● સળંગ અંક : 506● મુંબઈ ● શુક્રવાર ● તા.29 મે – 4 જૂન 2020 ● પાના : 16 ● કિંમત રૂ.4

## ભૂતકાળના મતમતાંતરો વિસરી જઈ, ઘાટકોપરમાં એક આધુનિક હોસ્પિટલના નિર્માણનો પડકાર આપણે સૌએ ઝીલી લેવો જોઈએ

**વોઈસ ઓફ ઘાટકોપર દ્વારા ગતાંકમાં ઘાટકોપરની વર્ષો જુની સૌથી મહત્વની જરૂરીયાત – હોસ્પિટલ અંગે વિવિધ મહાનુભાવોના મંતવ્યો પ્રકાશિત કર્યા હતા જેના સકારાત્મક પ્રતિભાવો પ્રાપ્ત થયા છે. જાણીતા લેખક અને ઘાટકોપરના રત્ન પ્રવીણભાઈ સોલંકીએ ઘાટકોપરમાં હોસ્પિટલ બનવી જ જોઈએ તેવા વિચારો પોતે પોતાની આગવી શૈલીમાં લખીને વોઈસ ઓફ ઘાટકોપરને પાઠવ્યા હતા જે અહીં રજૂ કરવામાં આવ્યા છે.**



સંસ્કૃતિ ધામ અને શિક્ષણ ધામ તરીકે ઓળખાતું ઘાટકોપર આરોગ્ય ક્ષેત્રે ઉદાશીન રહ્યું છે. એમ કહી શકાય.

વર્ષોથી જૂદી જૂદી સંસ્થાઓએ, રાજકીય પક્ષોએ જૈનોએ પ્રતિષ્ઠીત તેમજ દાનવીર વ્યક્તિઓએ ઘાટકોપરમાં એક અદ્યતમ સર્વ સગવડ સંપ્પન હૉસ્પિટલની જરૂરિયાત છે. એ સ્વીકારી એ માટેની ચર્ચાઓ, વિચારણાઓ, પ્લાનો કર્યા! રાબેતા મુજબ એ પ્લાનો કાગળ ઉપર જ રહ્યા, અમલ થયો જ નહીં.

સેન્ટ્રલ રેલ્વેનું પાટનગર ઘાટકોપર ગણી શકાય એવા અસંખ્ય કારણો હોવા છતાં, જીવવા માટે જે સૌથી મહત્વની અગત્યની સગવડથી વંચિત છે એ દુઃખદ ઘટના સાથે શરમ જનક પણ કહી શકાય.

આજે ઘાટકોપરની જનતા જેટલી કોરોનાથી ભયભીત છે. એનાથી વધારે ભયભીત એની સારવાર માટે છે.

આગ લાગે ત્યારે કૂવો ખોદવાની વૃત્તિ આપણી પરંપરા છે. એ વૃત્તિએ ક્યારેય નિવૃત્તિ લીધી નથી. એ વૃત્તિ મુજબ ઘાટકોપરનો કામ ચલાઉ સારવાર સેન્ટરો ઉભા થયા પણ એ ક્યાં સુધી ટકશે-ચાલશે?

બળવાન શરીરમાં જ બળવાન આત્મા વસી શકે ને પહેલું સુખ તે જાને નયાં, સંસ્કૃત સુભાષિતના આ બે વાક્યોની કદર કરવાની ઘડી ઘાટકોપર માટે આવી મૂકી છે.


11
વોઈસ ઓફ ઘાટકોપર
તા.૨૨ મે - ૨૮ મે ૨૦૨૦

### કોરોના સંકટમાં દરદીઓ માટે હોસ્પિટલમાં બેડની અછત સર્જાઈ છે ત્યારે ઘાટકોપરમાં અદ્યતન સુવિધાઓ ધરાવતી હોસ્પિટલની ફરી માંગ

કોરોના વાયરસથી ત્રસ્ત થયેલ વિશ્વને મેડિકલ ક્ષેત્રમાં નવી ક્રાંતિની જરૂર

**મંદિર - દેરાસરો જરૂરી પણ હવે ઘાટકોપરમાં હોસ્પિટલ બનાવવાને પ્રાથમિકતા આપવામાં આવે તે વધુ જરૂરી**

[illegible]

ભૂતકાળ, ભૂલી જઈ, ભૂતકાળના મતમતાંતરો વિસરી જઈ, ઘાટકોપરમાં એક આધુનિક હોસ્પિટલના નિર્માણનો પડકાર આપણે સૌએ ઝીલી લેવો જોઈએ.

સ્વાસ્થ્ય એ સુખદ જીવનની સીડીનું પહેલું પગથિયું છે.માલના અશુભકાળમાં આટલી શુભકામના કરી એને પાર પાડવાની જવાબદારી આપણે સૌએ સ્વીકારવી જ જોઈએ.

## લોકડાઉનનું કડક પાલન ઘાટકોપરમાં ન થયું માટે વધ્યા કેસ : વોઈસ ઓફ ઘાટકોપરના ફેસબૂક સર્વેમાં જનતાએ પ્રગટ કાર્યો રોષ




### "...જો ઘાટકોપરમાં લોકો હજુ લોકડાઉનનું પાલન નહીં કરે તો ધારાવી કરતાં પણ વધારે કોરોના કેસ જોવા મળશે : વિધાનસભ્ય રામ કદમ"

**Datewise New Cases**

| | | |
|---|---|---|
| 07/05 : 27 | 08/05 : 14 | 09/05 : 43 |
| 10/05 : 32 | 11/05 : 26 | 12/05 : 19 |
| 13/05 : 19 | 14/05 : 30 | 15/05 : 40 |
| 16/05 : 85 | 17/05 : 76 | 18/05 : 60 |
| 19/05 : 44 | 20/05 : 92 | 21/05 : 62 |
| 22/05 : 67 | 23/05 : 67 | 24/05 :110 |
| 25/05 : 76 | 26/05 : 92 | 27/05 : 58 |

રવિવાર તા.૨૪ મે ના ઘાટકોપરમાં ૧૧૦ કેસ જાહેર થતાંની સાથે મુંબઈમાં સૌથી વધુ કોરોના કેસ વધી રહ્યા હોય તેવાં પરાંમાં ઘાટકોપર પ્રથમ સ્થાને આવેલ. વોઇસ ઓફ ઘાટકોપર દ્વારા ત્યાર બાદ ફેસબૂકના માધ્યમે કરવામાં આવેલ અનોખા સર્વેમાં લોકોએ લોકડાઉનનું કડક પાલન જનતાએ જ કર્યું નથી એવો મત પ્રદર્શિત કાર્યો હતો. અમુક લોકોએ પ્રશાસન અને જનપ્રતિનિધિઓ જ લોકડાઉનનું કડકપણે પાલન કરાવવામાં ઢીલ આપી માટે આવી પરિસ્થિતિ સર્જાઈ એમ જણાવ્યું હતું. જ્યારે અમુક લોકોએ ૭ દિવસ માટે સંપૂર્ણ કરફ્યુની વાત ઉચ્ચારી હતી.

દરરોજ ફેસબૂકના માધ્યમે વિધાનસભ્ય રામ કદમ વિડીયોના માધ્યમે લોકોને વિનંતી કરી હતી કે લોકો સતર્કતા નહીં રાખે તો ખુબ મોટી મુશ્કેલી સર્જાશે. ગત સપ્તાહમાં એક અણધાર્યો અને અનિચ્છનીય રેકોર્ડ ઘાટકોપરના નામે નોંધાયો હતો. સમગ્ર મુંબઈમાં દરરોજ વધી રહેલ કેસમાં ઘાટકોપર ૧૩.૭ ટકા સાથે પ્રથમ સ્થાને આવ્યું હતું. આ જાહેરાત મનપાએ કરી તેમાં તા.૧૬થી ૨૨ સુધી ૭ દિવસ દરમ્યાન સમગ્ર મુંબઈના સૌથી વધુ કેસની સરખામણી જાહેર કરાઈ હતી જેમાં બીજા સ્થાને મુલુંડ ટી વોર્ડ ૧૧.૯ ટકા સાથે આવેલ. જો આ દરથી ઘાટકોપર અને મુલુંડ જેવા ગુજરાતી કચ્છીઓની વધુ વસતી ધરાવતા પરાં આગળ વધશે તો શક્યતઃ આ જ અઠવાડિયામાં ધારાવી જેવા વિસ્તારમાં નોંધાયેલ કોરોના કેસના અંકને પણ વટાવી શકે છે. એક અંદાજ એ પણ લગાવામાં આવી રહ્યો છે કે મહાનગરપાલિકા ઘાટકોપરમાં વધુ ટેસ્ટીંગ હાથ ધરવામાં આવી છે. આ માસ સ્ક્રીનીંગને પગલે ૮૦૦થી વધુ લોકોનું સ્ક્રીનીંગ થયું છે. જો આ પ્રકારે વધુ સ્ક્રીનીંગ કરવામાં આવે તો દર્દીઓની સંખ્યામાં ઉછાળો જોવા મળી શકે છે. વોઈસ ઓફ ઘાટકોપરના ફેસબુક સર્વેમાં અમુક લોકોએ ખૂબ તીખા શબ્દોમાં ઘાટકોપરની માનસિકતા-જલેબી ફાફડા અને ફક્ત જીભના સ્વાદને સંતોષવા જે રીતે લોકડાઉન તોડીને લોકો બહાર જઈ રહ્યા છે તેને જ આ વધતા કેસ માટે જવાબદાર ગણવા જોઈએ.

# ઘાટકોપરમાં હોસ્પિટલ એટલે સ્વાસ્થ્ય અંગે આત્મનિર્ભરતા તરફ પ્રથમ પગલું



તંત્રી સ્થાનેથી
જતીન કોઠારી

ઘાટકોપરમાં હોસ્પિટલ બનાવવી જોઈએ વિષય પર ગત અંકમાં સમાચાર અને જાણીતાં આગેવાનોની પ્રતિક્રિયાઓ પ્રકાશિત થયા બાદ, વર્ષો પછી ઘાટકોપરના હિત માટે કોઈએ નક્કર કામ કરવાની ભાવના દર્શાવી છે એવાં અનેક પ્રતિભાવો મળ્યા. ખરેખરતો હોસ્પિટલ બનાવવી જોઈએ તે પ્રાથમિકતા છે તે ફક્ત વાતો થઈને પૂરી થાય તેવું ન બનવું જોઈએ. ભારત દેશ આસ્થા અને શ્રદ્ધામાં માનતો દેશ છે, જેમ મંદિર દેરાસરો જરૂરી છે તેમ સ્વાસ્થ્ય સારું રહે તે માટે હોસ્પિટલ પણ આવશ્યક છે એ આ મહામારી કોરોના સમજાવી દીધું છે. વધતી વસ્તીમાં ડોકટરોની ઓછી સંખ્યા પણ ચિંતાનો વિષય કહી શકાય, આ તમામ બાબતો આપણ ને ભારતમાં શહેરથી ગ્રામીણ સ્થર સુધી આરોગ્ય અંગે આત્મનિર્ભરતા મેળવવામાં અડચણરૂપ છે.

તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આત્મનિર્ભર ભારત તરફ આગળ વધવાની વાત કરી જે ઘણું આત્મમંથન માંગી લે તેવી વાત છે. આત્મનિર્ભર બનવાની રાહ કઠિન છે. કહેવાનું તાત્પર્ય સમજાય તો ઘણાં માર્ગ નીકળી શકે. ફક્ત સ્વાસ્થ્ય અંગે આત્મનિર્ભરતાની નજર દોડાવીએ તો પણ ઘણું થઈ શકે તેમ છે. આરોગ્યની દ્રષ્ટિએ મુંબઈ જેવા મહાનગરમાં જોઈએ તેવો વિકાસ છેલ્લા ૨૫ વર્ષો માં કોઈ સરકાર તરફથી જોવા મળ્યો નથી. અનેક વડાપ્રધાન - મુખ્યમંત્રી મોટી હોસ્પિટલ બનાવવાની જાહેરાત કરી છે પણ મુંબઈ અને ખાસ કરીને પૂર્વીય પરાને કશું મળ્યું જ નથી.

ઘાટકોપરમાં વર્ષો પહેલા બનેલ રાજાવાડી હોસ્પિટલ બાદ કોઈ મોટી હોસ્પિટલ મળી જ નથી. ૧૯૯૧ની વસ્તીગણતરી પ્રમાણે ઘાટકોપર ની વસ્તી ૫૦૭૩૨૯ હતી, હાલમાં ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ ૬,૨૨,૮૫૩ છે. આજુ બાજુ ના પરાં ના ગરીબ અને જરૂરિયતમંદોને ગણવામાં આવે તો ૮ લાખની આસપાસ વસ્તી છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈસેશનની ગાઇડલાઈન મુજબ ૫૫૦ લોકોએ ૧ બેડ ની સરેરાશ એ હોસ્પિટલ હોવી જોઈએ. પણ મુંબઈમાં ૩૦૦૦ વ્યક્તિએ ૧ બેડ ઉપલબ્ધ છે. ૨૦૦૯ ના સરકારી અહેવાલો મુજબ મુંબઈમાં ૭૦ પબ્લિક હોસ્પિટલ જેમાં ૨૦,૭૦૦ બેડ અને ૧૫૦૦ નાની મોટી પ્રાઈવેટ હોસ્પિટલ માં ૨૦,૦૦૦ બેડ છે. જો રિપોર્ટ મુજબ વિચારીએ તો મુંબઈમાં આજે કોરોના કાળમાં પરિસ્થિતિ વિકટ છે બેડ ઉપલબ્ધ નથી તેનું કારણ કે પબ્લિક હોસ્પિટલ છે તેને વર્ષોથી જરૂરી અપગ્રેડ કરવામાં જ નથી આવી. માટે આજે લોકોને કોરોના સંક્રમિત થયા બાદ બેડ ઉપલબ્ધ થતાં નથી. સંપૂર્ણ ઢાંચો મજબૂત કરવાની આવશ્યકતા છે. ફક્ત ઘાટકોપર ની વાત કરીએ તો નેતાઓ દ્વારા પ્રયત્ન કરી પ્રશાસન તરફથી વધુ બેડ મેળવવામાં સફળતા મળી તે જરૂરી છે પણ ઘાટકોપર સહિત પૂર્વીય પરામાં આજની આ વિકટ પરસ્થિતિઓ ધ્યાનમાં રાખી ભવિષ્યમાં આત્મનિર્ભર બનવા અંગે વિચારવું પડશે. ખાનગી હોસ્પિટલને પ્રોત્સાહન જરૂરી છે પણ દિલ્હીમાં જેમ સરકારી હોસ્પિટલ પણ અવ્વલ દજ્જાની હોય તે સમયની માંગ છે.

ઘાટકોપર મુંબઈના સૌથી વધુ ટેક્સ આપી રહેલ ધનિકોનું પરું છે તો ઘાટકોપર એ પોતાનાં હક્કનું શું છે અને શા માટે ઉપલબ્ધ નથી તે સમજીને આત્મનિર્ભર બનવાની જરૂર છે. દરેકનો નિશ્ચય ઘાટકોપરમાં ૫૦૦ બેડ ધરાવતી હોસ્પિટલ બનાવવામાં બળ નિર્માણ કરશે તેવો પોઝીટીવ અપ્રોચ આત્મસાત કરવો આવશ્યક બન્યો છે અને તોજ ભવિષ્યની પેઢીને માટે ગર્વથી આત્મનિર્ભરતાના પાઠ શીખવી શકીશું.





**જલસા ઈવેન્ટ્સ**

લગ્નગીત, સંગીત સંધ્યા, રાસ ગરબા, ઓર્કેસ્ટ્રા, બર્થડે સેલિબ્રેશન, કીટી પાર્ટી, ડીજે, મ્યુઝિકલ તંબોલા, ગેમ્સ શો, માતાજીની પહેડી.

દરેક અવસરને અનેરો બનાવવા મનોરંજન કાર્યક્રમો માત્ર ૧૧૦૦૦થી શરૂ

**સંપર્ક: હિરેનભાઈ 9322600800**


# મુંબઈની સૌથી લાંબી મેટ્રોલાઈનની સાઈટની મુલાકાતે એમ.એમ.આર.ડી.એનાં AMC ડૉ.સોનીયા સેઠી

## કોરોના લોકડાઉમાં ઘાટકોપરમાં સફળતાપૂર્વક ચાલી રહેલ કામને વધાવ્યું







વડાલા-ઘાટકોપર-મુલુંડ-કાસારવડવલી મેટ્રોલાઈન ૪ મુંબઈની સૌથી લાંબી મેટ્રોલાઈન છે. આ મેટ્રો લાઈન પર કોરોના લોકડાઉન માં પણ પૂરજોરામાં કામ ચાલુ છે અને ઘાટકોપરમાં પણ મેટ્રોનાં કામને પ્રાથમિકતા અપાઈ છે.

બુધવાર તા. ૨૦ મેનાં એમ.એમ.આર.ડી.એનાં AMC ડૉ. શ્રીમતી સોનીયા સેઠી ઘાટકોપરમાં પીલર નં.૫૬ મેટ્રોલાઈન ઈરેક્શન સાઈટ જે ૯૦ ફૂટ રોડ, પંતનગર પોલીસ સ્ટેશન નજીક કામ ચાલી રહ્યું છે. ત્યાં વિઝીટ કરી ચાલી રહેલ કામની જાત તપાસ કરી હતી. ઉલ્લેખનીય છે કે આટલાં લોકડાઉન વચ્ચે ઓછાં કામદારો છતાં મેટ્રોનું કામ પૂરજોશમાં વ્યવસ્થિતપણે ચાલી રહ્યું છે. તે જાણી તેઓએ સ્ટાફને તથા ગ્રાઉન્ડ વર્કર ટીને તાલીઓ પાડી વધામણી આપેલ તે વિડીયો પણ વાયરલ થયો હતો.


**ગેલેક્સી ટ્રાવેલ્સ**

GALAXY TRAVELS RENT A CARS N BUSES

કાર અને બસો ભડેથી

મુંબઈ-બરોડા-અમદાવાદ-કચ્છ-રાજસ્થાન

| | | | |
|---|---|---|---|
| ઈનોવા ક્રિસ્ટા | @ ૧૪/- | ૧૪ સીટર એસી | @ ૧૮/- |
| ઈનોવા એસી | @ ૧૨/- | ૧૭ સીટર એસી | @ ૨૦/- |
| અર્ટીગા એસી | @ ૧૧/- | ૨૦ સીટર એસી | @ ૨૨/- |
| ઝાયલો એસી | @ ૧૨/- | ૨૯ સીટર એસી | @ ૩૪/- |
| સ્વીફ્ટ ડિઝાયર | @ ૧૦/- | ૩૬ સીટર એસી | @ ૩૮/- |
| હ્યુન્ડાઈ એસેન્ટ | @ ૧૦/- | ૪૫ સીટર એસી | @ ૪૨/- |
| ટોયોટા ઈટીઓસ | @ ૧૦/- | ૪૯ સીટર એસી | @ ૪૨/- |
| | | ૩૬ સીટર એસી | @ ૫૦/- |

વેનેટી વેન ઉપલબ્ધ છે: લગ્ન / શુટીંગ / ઈવેંટ શો માટે

• લગ્ન પ્રસંગ • લોકલ આઉટસ્ટેશન, પિકઅપ - ડ્રોપ, પિકનીક માટે બધીજ ન્યું બ્રાન્ડ કાર્સ અને બસો મળશે • મહારાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાન માટે વન વે કેબ્સ • ગાડી અને બસો ભાડે મળશે • ડેઈલી બસ સર્વિસ : મુંબઈથી ગાંધીધામ, ભુજ, રાજકોટ, જુનાગઢ, ભાવનગર, પાલિતાણા, અમરેલી, મહુવા.• એસૂ અને નોન એસી સ્લિપર કોચ.

**Covid 19 Special Service**


• With All Cars N Buses Sentizieds • For Guests Mask And Sentizers • Drivers With Medicial Certificate • At Very Reasonable Rates

બુકિંગ માટે મુંબઈ : 9920495511 / 7387299117
Toll Free : 18002672131 022-49706001 / 49742126

# આવો જાણીયે જૈનમ રવાણીને, જે હોશિયાર વિદ્યાર્થી તો છે જ સાથે લેખન અને રોબોટિક્સમાં પણ રસ ધરાવે છે



ઘાટકોપર ઈસ્ટમાં સિન્ધુવાડીમાં રહેતો અને મુંબઈની જાણીતી યુનિવર્સલ સ્કૂલનો વિદ્યાર્થી જૈનમ મિતેશ રવાણી. તાજેતરના IGCSE બોર્ડ ધોરણ ૧૦ના રીઝલ્ટમાં સ્કુલમાં મોખરાનું સ્થાન મેળવ્યું છે. એગ્રીગેટ ૯૫.૭૧ અને બેસ્ટ ઓફ ફાઈવ મુજબ ૯૭ ટકા સાથે જબરદસ્ત સિદ્ધિ હાસિલ કરી છે. જૈનમ માટે આ લેટેસ્ટ અચિવમેન્ટ છે. તેના પેરેન્ટ્સ મિતેશ અને દિપાલી ને જૈનમ વિષે પૂછતાં અનેક જાણવા જેવી વિગતો મળી, જૈનમ યંગ ઓથર એટલે કે લેખક પણ છે. તેને તાજેતરમાં એક સાયંન્સ ફિક્શન નોવેલ : Time Loop-An Interminable Voyage લખી છે. જે ખુબ ફેમસ થઇ રહી છે.આ બુક હાર્ડ કોપી માં તથા અમેઝોન અને કિન્ડલ પાર પણ ઉપલબ્ધ છે. આ બુક વાંચ્યા પછી વાચકોના ખુબ સારા રિવ્યુઝ મળ્યા છે. અને જૈનમ આ બુક નો પાર્ટ ટુ પણ લોન્ચ કરવાનું પ્લાન કરી રહ્યો




છે. જૈનમ રોબોટિક્સમાં પણ માસ્ટર છે. અને ઘણાં એવોર્ડ પણ જીત્યા છે. જૈનમ નો બ્લોગ https://whatjainamthinks.wordpress.com પણ ખુબ પ્રખ્યાત છે. નાની વયથી જ જૈનમનો અનોખો શોખ દર્શાવે છે કે તે ખુબ ટેલેન્ટેડ હોવાની સાથે વિઝનરી પણ છે. ઈંગ્લીશ ભાષા પાર તેની ગજબની પકડ છે. તે તેના બ્લોગની મુલાકાત લેતા ખબર પડે. પણ તે ઈંગ્લીશ સાથે સાથે હિન્દી પર પણ સારી પકડ ધરાવે છે તેનું પ્રુફ છે તેનું હમણાંનું રિઝલ્ટ. જૈનમ એ ધોરણ ૧૦ ના તેના રિઝલ્ટમાં હિન્દીમાં ૯૪ અને મેથ્સ માં ૯૮ માર્કસ મેળવ્યા છે. તે સ્કુલમાં હિન્દીમાં ટોપર છે. જૈનમ સ્કુલ દરમ્યાન ધો.૮ સુધી વગર ટ્યુશન ભણ્યો છે. ધો. ૯ અને ૧૦ માટે તે પ્રાયવેટ ટ્યુશન દ્વારા ભણ્યો હતો. હવે ધો.૧૦ પછી આય.આય.ટી થી એન્જિનિયરિંગ કરવું છે, અને મેકેટ્રોનીક્સ પણ કરવાનો પ્લાન કરેલ છે. આ સિવાય જૈનમએ તવાયકવાન્ડોમાં બ્લેક બેલ્ટ મેળવેલ છે.

ઘાટકોપરના પ્રખ્યાત બોટમ્સ એન્ડ મોર નામે પ્રખ્યાત લેડીઝ લેગિન્સ અને જેગિન્સ બ્રાન્ડ ધરાવતાં મિતેશભાઈ નટવરલાલ રવાણી હાલમાં લોકડાઉનને લીધે દેવલાલીમાં પણ અટકાયેલા છે, પણ પુત્રના રિઝલ્ટને લીધે ખુબ ખુશ છે અને તેમના પરિવારના સભ્યો દાદા નટવરલાલ તથા દાદી પ્રતિમાબેન અને મિત્રોએ ખુબ ગર્વ અનુભવીને જૈનમ અને પેરેન્ટસ ને ભવિષ્યમાં પણ જૈનમ શ્રેષ્ઠ પરફોર્મન્સ આપતો રહે અને તે કરિયરમાં બેસ્ટ અચિવ કરે તેવી શુભેચ્છાઓ આપી હતી.

**જૈનમની સાયંન્સ ફિક્શન નોવેલ : Time Loop-An Interminable Voyage મેળવવા ૯૯૨૦૦૧૩૩૨૫ પર સંપર્ક કરી શકાય છે.**

## આઈજીસીએસઈ કેમ્બ્રિજ ઈન્ટરનેશનલ બોર્ડ એક્ઝામિનેશનમાં ઝળકેલા ઘાટકોપરના ગુજરાતી સિતારાઓ


ઓમ મહેતા


મીત મહેતા


ટીયા વોરા

આ ઈ જી સી એ સ ઈ કેમ્બ્રિજ ઈન્ટરનેશનલ બોર્ડ એક્ઝામિનેશનમાં વગર કોઈ ક્લાસિસ અને જાતમહેનતે ઓમ રાકેશ મહેતાને સાયન્સ વિભાગમાં ૯૬ ટકા, ૭એ ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયો હતો.

આ ઈ જી સી એ સ ઈ કેમ્બ્રિજ ઈન્ટરનેશનલ બોર્ડ એક્ઝામિનેશનમાં વગર કોઈ ક્લાસિસ અને જાતમહેનતે ઓમ રાકેશ મહેતાને સાયન્સ વિભાગમાં ૯૬ ટકા, ૭એ ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયો હતો.

પોતાની સફળતા માટે ઓમ પોતાની ફેમિલીને સહભાગી માને છે. ઓમ ઘાટકોપરમાં આવેલી ધ યુનિવર્સલ સ્કૂલનો ટોપર છે. મીત મહેતા ૯૬ ટકા માર્ક્સ મળ્યા હતા.

ઘાટકોપરમાં રહેતી ટીયા મિતુલ વોરાએ આઈજીસીએસઈ કેમ્બ્રિજ ઈન્ટરનેશનલ બોર્ડ એક્ઝામિનેશનમાં ૯૫.૨૫ ટકા, ૮એ સાથે ઉત્તીર્ણ થઈ હતી.

### Stars of Ghatkopar


પરમ મહેતા (૯૦.૪૦%)


યુગ ગુપ્તા (૯૦.૪૦%)


# Stars of Ghatkopar

## ધો.૧૦ અને ધો.૧૨ના ઘાટકોપરમાં રહેતા વિદ્યાર્થીઓને આમંત્રણ

વર્ષ ૨૦૨૦ની પરીક્ષાના પરિણામો ટૂંક સમયમાં જાહેર થવાના છે.

**ઘાટકોપરમા રહેતા ધો.૧૦ અને ધો.૧૨ના વિદ્યાર્થીઓ જેમણે ૭૫ ટકાથી વધારે મેળવ્યા છે. તેમનો ફોટો વોઈસ ઓફ ઘાટકોપરમાં પ્રકાશિત કરવામાં આવશે**

નીચે જણાવેલ ફોરમેટમાં પાસપોર્ટ સાઈઝ ફોટો, માર્કશીટની કોપી (સ્ક્રીન શોટ પણ આવકાર્ય) નામ, એડ્રેસ, ટકાવારી, કોન્ટેક્ટ નંબર, સ્કુલ-કોલેજનું નામ, ધોરણ (૧૦-૧૨), બોર્ડ વગેરે લખી voiceofghatkopar@gmail.com પર ઈમેલ કરો.




**વધુ માહિતી માટે સંપર્ક : ૮૧૬૯૩૭૦૩૬૯, ૮૬૫૫૧૮૫૬૬૭**

(નોંધ : કોઈ પણ વિગતો વોટ્સએપ પર સ્વીકારાશે નહીં.)

# ફામના નવા ઓફિસબેરર્સ અને એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બર્સ ઓનલાઈન મળ્યા
# વિનેશ મહેતા પ્રેસિડન્ટ અને આશિષ મહેતા ડાયરેક્ટર જનરલ પદે સતત ત્રીજી વાર ચૂંટાયા

ફેડરેશન ઑફ અસોસિએશન્સ ઑફ મહારાષ્ટ્ર (FAM-ફામ) દ્વારા ઇલેક્શન-પ્રોસેસ શરૂ કરવામાં આવી હતી અને ઇલેક્શન-ઑફિસર દ્વારા ૨૩-૩-૨૦૨૦ના દિવસે ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. જોકે લૉકડાઉનને કારણે નવા ઑફિસબેરર્સ અને એક્ઝિક્યુટિવ કમિટીની મીટિંગ ન થઈ શકી અને હમણાં લૉકડાઉન પાછો ૩૧ મે સુધી લંબાઈ ગયો એને પગલે નવા ચૂંટાયેલા એક્ઝિક્યુટિવ મેમ્બરોની ૨૩ મેના શનિવારે સવારે ૧૧ વાગ્યે ઑનલાઇન મીટિંગ થઈ હતી જેમાં ઇલેક્શન-ઑફિસરો ભાવેશ કોઠારી અને મિલન ચિતલિયા પણ હાજર રહ્યા હતા.

ઇલેક્શન-ઑફિસરોએ ફરી એક વાર પરિણામ જાહેર કર્યાં હતાં અને ૨૦૨૦થી ૨૦૨૨ની ટર્મ માટે વિનેશ મહેતાને સર્વાનુમતે, સતત ત્રીજી વાર ફામના પ્રેસિડન્ટ ચૂંટાયેલા જાહેર કર્યા હતા.


વિનેશ મહેતા


આશિષ મહેતા

ચૅરમૅન એમિરેટસ : સુરેન્દ્ર સવાઈ, ઑનરરી ટ્રેઝરર : નરસીમલજી જૈન, જૉઇન્ટ ટ્રેઝરર : કમલેશ મોદી,

વાઇસ પ્રેસિડન્ટ્સ : (૧) રાજારામજી કાટારુકા (૨) રસેશ દોશી (૩) અશોક ગર્ગ (૪) જયક્રિષ્ના પાઠક (૫) સમીર કાણકિયા (૬) લલિત બરડિયા (૭) પશુપતિ મશાલ (૮) બાલચંદજી કટારિયા (૯) અજિત સેઠિયા ઑનરરી સેક્રેટરી : (૧) પ્રીતેશ શાહ (૨) નિમિત શાહ (૩) જયંતી પટેલ (૪) કિશોર શાહ (૫) નીલેશ શાહ

કમિટીઓ -

૧) ટૅક્સેશન કમિટી : રસેશ દોશી, નિમિત શાહ, ૨) બીપીટી/કલંબોલી/કસ્ટમ્સ અને જેએનપીટી : હિતેશ મહેતા, યોગેશ શાહ, હેમંત ભુતા ૩) બીએમસી કમિટી : શાંતિલાલ દોશી, સમીર શાહ ૪) લૉ ઍન્ડ ઑર્ડર : સંદીપ શાહ, ચિરાગ દોશી ૫) પીઆર અને ન્યુ મેમ્બરશીપ : રસિક કોઠારી, ઉત્તમ જૈન, નરસીમલ જૈન ૬) ટૅક્નૉલૉજી ઍન્ડ ઍપ : ભરત કાણકિયા ૬) ફુડ ઍન્ડ ડ્રગ : લલિત બરડિયા, જયંતી પટેલ

## આશા ફાઉન્ડેશન દ્વારા જરૂરિયાત મંદોને ભોજન વિતરણ





ઘાટકોપરનાં કેટલાંક મિત્રો દ્વારા ચાલી રહેલ આશા ફાઉન્ડેશન દ્વારા કેટરર લલિતભાઈ (અરિહંક કેટરર્સ)નાં માધ્યમે રાજાવાડી હોસ્પિટલ, વિક્રોલી ખાતે વૃદ્ધાશ્રમમાં, સાયનમાં ૧૫૦ જેટલાં કેન્સર પેશન્ટને, વાડીયા હૉસ્પિટલમાં ૨૫૦ જરૂરિયાતમંદોને પરેલ, માન ખુર્દ ડોગહોમમાં કામ કરી રહેલ કર્મચારીઓને વગેરે સ્થળે ભોજન પહોંચાડવામાં આવે છે.

આશા ફાઉન્ડેશનનાં સંજયભાઈ પરમાર, કેતુલ ઝાટકિયા, દિપકભાઈ વિજયવર્ગી, નયનભાઈ શાહ, રાજુભાઈ સંપૂર્ણ યોગદાન આપી રહ્યાં છે.



## લોકડાઉનના સમયમાં લોકોના કલ્યાણ માટે અનોખો પ્રયાસ : ઈશ્વરને રીઝવવા છપ્પન ભોગનો પ્રસાદ



કોરોના વાયરસના રોજેરોજ વધતા કેસોને જોઈને ભલભલાને ભગવાન યાદ આવી જાય છે એવા ઘાટકોપર વેસ્ટ અમૃતનગરમાં રહેતા કોટક પરિવારે બધાની શાંતિ અને શુભકામના માટે ભગવાન ને રીઝવવા માટે છપ્પન ભોગના પ્રસાદની બધી વસ્તુ ઘરેજ બનાવીને ભોગ ચઢાવ્યો હતો. લોકડાઉન ના સમય માં ઈશ્વર ને છપ્પન ભોગ દ્વારા રીઝવવાનો એક અનોખો પયાસ કર્યો છે. ઘાટકોપર વેસ્ટમાં રહેતા રીટાબેન કિર્તીકુમાર કોટક ના ઘરે તારીખ ૨૪-૫- ૨૦૨૦ ના દિવસે ઘરે જ છપ્પન ભોગ નું આયોજન કરવામાં આવ્યું હતું. પુત્રવધુ નેહલ તેમજ પુત્ર કાર્તિક બધી જ તૈયારી કરી હતી તેમ જ તેમની વીસ મહિના ની પુત્રી ત્રિશા કાર્તિક કોટકે પણ કોઈ પણ ખલેલ પાડયા વગર કૃષ્ણ ભક્તિમાં સાથ આપ્યો હતા



## ઘાટકોપરમાં નગરસેવિકા બિંદુ ત્રિવેદીની જહેમતથી વૃદ્ધનો જીવ બચ્યો

મુંબઈમાં અકસ્માતે પડી જવાના કેસમાં પણ મુંબઈવાસીઓને માંડ માંડ એમ્બ્યુલન્સ મેળવવામાં અને હોસ્પિટલમાં દાખલ થ વામાં ખાસ્સો સમય વેડાફાઈ જાય છે, જેમાં અનેકના જીવ જઈ રહ્યાં છે. રવિવારે ઘાટકોપરમાં આવું જ બન્યું હતું, પરંતુ સ્થ ાનિક નગરસેવિકાની જહેમતના કારણે બ્રાહ્મણ પરિવારના ૮૨ વર્ષીય વૃદ્ધ નાગરિકનો જીવ બચી ગયો હતો.

ઘાટકોપર-વેસ્ટમાં રહેતા અને મૂળ ગુજરાતના બગસરાના વતની મુકેશ પંડ્યાએ કહ્યું હતું કે, મારા પપ્પા જિતેન્દ્ર પંડ્યાને હાઈ શુગર છે અને તેને કારણે રવિવારે બપોરે ૪ વાગ્યે ઘરમાં તેઓ પડી જતાં લોહીલુહાણ થઈ ગયા હતા. આથી હોસ્પિટલમાં પ્રવેશ મેળવવા હું લાઈનમાં ઊભો રહ્યો અને મારી પત્ની રૂપા એમ્બ્યુલન્સ મેળવવા માટે દોડધામ કરી રહી હતી.

બાદમાં આ વાતની જાણ સ્થાનિક નગરસેવિકા બિંદુ ત્રિવેદીને થતાં તેમના મહાપાલિકાના અધિકારીઓ સાથે લડત ચલાવી હતી અને અમે રાત્રે ૧૦ વાગ્યે હિંદુ સભા હોસ્પિટલમાં પપ્પાને પહોચાડતા સારવાર શરૂ કરાઈ હતી. હાલમાં તેમની તબિયત સ્થિર છે. બિંદુ ત્રિવેદીએ કહ્યું કે, મને આ વાતની જાણ થઈ એટલે એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરાવી હતી, એ એમ્બ્યુલન્સ વેનમાં કોઈ પણ સ્ટ્રેચર કે દર્દીને ઘરેથી ઉતારવા માટે સ્ટાફ નહોતો. આથી મેં કાર્યકર્તાઓ પરાગ રાજ, વિનોદ જાધવ, કલ્પેશ ચૌહાણ અને સુનિલને મોકલ્યા, જેમણે તમામ સુરક્ષાનાં પગલાં સાથે ઈજાગ્રસ્તને ઘરેથી હોસ્પિટલમાં સારવાર માટે પહોંચાડ્યા હતા, જેને કારણે જિતેન્દ્રભાઈનો જીવ બચ્યો હતો.

# કોરોનાને રોકવા ૩૧મેએ સોશ્યલ મીડિયા દ્વારા થશે ૯૯,૯૯,૯૯,૯૯૯ નવકાર મંત્રના જાપ

મુંબઈના નવકાર પરિવાર દ્વારા આયોજિત આ જાપમાં વિશ્વભરના ચારેય ફિરકાના જૈનો, સાધુ-સંતો, મહાત્માઓ તેમ જ ફિલ્મ-ટીવી અને રાજકારણ-જગતની નામી હસ્તીઓ જોડાય એવી શક્યતા

માનવીય પ્રયાસો પાછા પડે ત્યારે પ્રાર્થનાને શરણે જવાથી કલ્પેલાં પરિણામો મેળવી શકાય છે. આધુનિક વિજ્ઞાન પણ સ્વીકારે છે કે પ્રાર્થના અને મંત્રજાપમાં અદ્ભૂત શક્તિ છે. આ વિચારને અનુલક્ષીને


આચાર્ય વિજય કુલચંદ્રસૂરીશ્વરજી મસા

## ઘાટકોપર સહિત મુંબઈના જેજેસીના સેન્ટરો પણ જોડાશે

**જેજેસી નોર્થ ઈસ્ટ, નોર્થ વેસ્ટ, જેમ જગડુશા, રોયલ જગડુશા, ચેમ્બુર, ઘાટકોપર, બીચસાઈડ, જુહુ, વિલે પાર્લા, પિંક પંતનગર, ગોલ્ડન ગારોડીયા, મુલુંડ, ભાંડુપ, વિક્રોલી, પેડર રોડ, શિવાજી પાર્ક, સેન્ટ્રલ મુંબઈ, નવી મુંબઈ, વાશી, નેરૂલ, પનવેલ, દહિસર, ડાઉન ટાઉન, વસઈ, મીરા ભાયંદર, વાપી, અંકલેશ્વર, લેડીઝ વીંગ મુંબઈ ઈસ્ટ, લેડીઝ વીંગ સેન્ટ્રલ મુંબઈ, પ્રગતી સોશ્યલ ગ્રુપ**

૩૧ મે એ સવારે મુંબઈના 'નવકાર પરિવારે' તેમના ફેસબુક-પેજના પ્લેટફોર્મ પર સમસ્ત વિશ્વના લોકોને સાંકળીને એકસાથે, એક સમયે ૯૯ કરોડ, ૯૯ લાખ, ૯૯ હજાર, ૯૯૯ નવકાર મંત્રના જાપ કરવાનું આયોજન કર્યું છે.

નવકાર પરિવારના આધારસ્તંભ ધર્મેશ નિસર કહે છે. ૨૦૧૪ની સાલમાં તપગચ્છાધિપતિ આચાર્યશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજસાહેબની નિશ્રામાં અમે ૯ કરોડ ૯૯ લાખ ૯૯ હજાર ૯૯૯ નવકાર મંત્રના સામુયિક જાપનું આયોજન કર્યું હતું. એ કાર્યક્રમને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હતો. ગોરેગામના નેસ્કો ગ્રાઉન્ડમાં થયેલા આ જાપ ૬ કલાક ચાલ્યા હતા અને એક લાખથી વધુ લોકો એમાં જોડાયા હતા. એ સમયે ૧૩ કરોડ જેટલા નવકાર મંત્ર ગણાયા હતા. ત્યારે ગુરુભગવંતના આશીર્વાદથી અમે નક્કી કર્યું હતું કે પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના શતાબ્દી વર્ષે ૯૯ કરોડ નવકાર મંત્રના જાપનું આયોજન કરીશું. જોકે ૩ વર્ષ પહેલાં પૂજ્યશ્રીનો કાળધર્મ થઈ ગયો. જો તેમની હયાતી હોય તો આ વર્ષ તેમનું શતાબ્દી વર્ષ હોત.

૬ વર્ષ પહેલાં નવકાર પરિવારે ૨૦૨૦ની સાલમાં જાપ કરાવવાનું ઠરાવ્યું હતું. પરંતુ વિધિને બીજું જ કાંઈ મંજૂર હશે. ધર્મેશભાઈ કહે છે, અત્યારે જાપના આયોજનનું કોઈ પ્લાનિંગ નહોતું. ત્યાં અચાનક એક મહિના પહેલાં મને વિચાર આવ્યો કે ૨૦૨૦માં જાપ કરાવવાનો નિર્ણય લીધો હતો એ આ મહાભયાનક કોરોનાના સંક્રમણકાળમાં વિશ્વશાંતિ અર્થે કરાવીએ.

નવકાર પરિવાર સાથે સંકળાયેલી દરેક વ્યક્તિએ આ વાત વધાવી લીધો. પછી નવકાર પરિવારે આ સંદર્ભે અને ગુરુભગવંતોનો સંપર્ક કર્યો. દરેક મહારાજસાહેબને સામુદાયિક જાપના આયોજનનો નિર્ણય ખૂબ ગમ્યો અને તેમણે આશીર્વચન આપ્યો ત્યાર બાદ જાપ માટેનો દિવસ અને મુહૂર્ત કઢાવવામાં આવ્યાં ૩૧ મેએ રવિવારે સવારે ૮.૪૧થી ૧૨.૪૧ વાગ્યા દરમ્યાન જાપ કરવામાં આવશે.

નવકાર પરિવાર કમિટીના ચેતન શાહ કહે છે. આ કાર્યક્રમની આખી રૂપરેખા બંધાઈ રહી છે. અને અનેક દેશોના રાજકારણીઓ, ફિલ્મ અને ટીવી-જગતની સેલિબ્રિટીઓને પણ આ અભિયાનમાં જોડાવા માટે સંપર્ક કર્યો છે અને તેઓનું કન્ફર્મેશન પણ આવતા અઠવાડીયે આવી જશે. હજી સુધી અમે ઓનલાઈન રજીસ્ટ્રેશન શરૂ કર્યું નથી, પરંતુ અમારા નવકાર પરિવારના ફેસબુક-પેજ પર આ ઈવેન્ટને દેશ-વિદેશના હજારો લોકોએ લાઈક કરી છે.

જેમની નિશ્રામાં ૯ કરોડ નવકાર મંત્રના જાપનું આયોજન થયું હતું એ તપગચ્છાધિપતિ પ્રેમસૂરીશ્વરજી મહારાજસાહેબના શિષ્ય આચાર્ય વિજય કુલચંદ્રસુરીશ્વરજી મહારાજસાહેબ જયપુરથી કહે છે, સામુહિક આરાધના પ્રાર્થનાનું ફળ બહુ શક્તિશાળી અને સત્ત્વશાળી હોય છે. ઈશ્વર એ પોકાર તરત સાંભળે છે. કોરોનાના ભયભીત વાતાવરણમાં આ પ્રમાણેની સામૂહિત ધર્મ આરાધનાઓ ખૂબ જરૂરી છે. એમાંય મંત્ર જાપ અત્યંત પાવર ફૂલ છે. મહાવીર પ્રભુએ કહ્યું છે કે જાપથી સિદ્ધિ મળા જાપથી શુદ્ધ અને સિદ્ધ થવાય. આ કાર્યક્રમમાં કોઈ પણ વ્યક્તિ જ્યાં હોય ત્યાંથી જોડાઈ શકે છે. શુભ ભાવનાથી વિશ્વનું કલ્યાણ થાય એ ભાવ રાખીને નવકાર મંત્ર નથી, એક ગ્લોબલ મંત્ર છે. એમાં દરેક ધર્મના અરિહંત અને સિદ્ધ ભગવાનને નમસ્કાર કરવામાં આવ્યા છે. આત્મા, રાષ્ટ્ર અને વિશ્વની શાંતિ માટે આયોજિત આ અનુષ્ઠાનમાં નોન-જૈન પણ જોડાઈ શકે છે. તેઓને નવકાર ન આવડે તો વાંધો નહીં, ઓનલાઈન સતત આ નવકાર મંત્રનું રટણ થશે જે તેઓ સાંભળી શકે છે. જૈન ધર્મની ફિલોસોફી છે કે સામુદાયિક પુણ્ય શુભ ફળ આપે છે.

# કોરોનાની મહામારીમાં પણ શ્રી વર્ધમાન સંસ્કારધામ સંઘાણી એસ્ટેટની અવિરત લોકઉપયોગી સેવાઓ



શ્રી વર્ધમાન સંસ્કારધામ સંઘાણી એસ્ટેટ દ્વારા કોરોનાના કાળ દરમિયાન અનેક સેવાની પ્રવૃતિઓ કરી હતી શ્રી વર્ધમાન સંસ્કારધામ સંઘાણી એસ્ટેટે ઘાટકોપર મુંબઈ સંચાલિત વિવિધ પ્રવૃત્તિમાંથી એક ખીચડી ઘર છેલ્લા ૨૮ વર્ષ થી અવિરત પણે દર અઠવાડિયાના રવિવારે લગભગ ૩૦૦ જણને ભરપેટ ભોજન સાથે કેળા અને બુંદી આપીને જરૂરિયાત મંદો ને સહાય કરવાનો પ્રયાસ કરે છે અને આમાં એક પણ દિવસ બ્રેક વગર સેવા અવિરત ચાલુ છે. પરંતુ કોરોના ને લઇ ને ૨૨ માર્ચ ૨૦૨૦ થી હાલ પર્યંત દરરોજ બપોરના ૨૫૦ થી ૩૦૦ જણને જમવાના પેકેટ આપવામાં આવે છે તે ઉપરાંત સમસ્ત ઘાટકોપરમાં ગાય ને ઘાસ કાર્યકર્તાઓ ફરી ફરી ને પહોંચાડે છે તેની સાથે કુતરાઓ ને દૂધ, બિસ્કિટ, કાગડાઓને ગાંઠિયા અને કબૂતરને ચણ અત્યાર સુધી ચાલુ રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત સાધર્મિક પરિવારને અનાજની કીટ લગભગ ૧૦૦ જેટલી અને સંઘાણી એસ્ટેટ ની આજુ બાજુમાં રહેતા અજૈનો માટે પણ ૩૦ કીટ આપવામાં આવેલ છે. આ કાર્ય માટે અનેક દાતાઓ એ અમને મદદ કરી હતી તેમજ બી.એમ. સી. માં વોલેન્ટરીયર ના પાસ શૈલેષ નાગેશ્વર અને સંજય ભાલેરાવ એ કરાવી આપ્યા હતા આ કાર્ય માં રાજુ મોરબીયા, વિશાલ મોદી, અનિલભાઈ, હિરેન કેનિયા, પુખરાજ શર્મા, હેમંત શાહ, મનીષ પંચાલ, ધીમંતભાઈ, નિમેષ મેઘાણી, રાહુલ પારેખ, આતિષ શાહ, હિતેન વગેરે અનેક કાર્યકર્તાઓનો સાથ અને સહકાર મળ્યો હતો.






ઘડપણમાં બાદબાકી નથી..

ઘરડા થઈ ગયા,નકામાં થઈ ગયાં તેવું માનવાને કોઈ કારણ નથી.'વૃદ્ધ' શબ્દ છે, વયથી જે વૃદ્ધ છે તે.વયોવદ્ધ વ્યક્તિ તે તો સમાજની મોટી થાપણ છે. એક પરિપક ચિત્ત સમાજનું વટવૃક્ષ સમું ઉપયોગી સાધન છે.એક ઘેઘુર વડલો એટલે અનેક પશુ,પંખી તથા માનવ માટેનું આશ્રયસ્થાન, વિરામસ્થાન. વૃદ્ધ એટલે ખેડાયેલી જમીન. અનેક ઉજ્જવળ કારકિર્દી પાર કરીને આવેલાં વૃદ્ધોએ નવી પેઢી માટે જીવતા કોશ સમાન છે.જીવન આખરે અનુભવવાની ચીજ છે. વૃદ્ધત્વ પાસે બીજું કાંઈ હોય કે ના હોય, અનુભવ તો છેજ. ભારતિય સંસ્કૃતિએ વૃદ્ધોને માનવસભાનું ઘરેણું માન્યા છે.

ઘડપણ જીવનની સંધ્યાનું આ બદલાતું ટાણું છે.જીવનનો દોર હાથમાં લઈ કૃતસંકલ્પ થવાનું છે .ક્યો છે આ સંકલ્પ? આજ હું મારી વૃદ્ધાવસ્થાને લીધે મનોમન લાચારી તો હરગીઝ નહી અનુભવું. બલકે મારા અંતરને આત્મવિશ્વાસથી છલોછલ છલકાવી દઈશ, નમ્રતાપૂર્વક હું જીવનના વણદીઠ મુકામોની યાત્રા કરીશ . હજુ સુધી નહીં ખોલેલા જીવગ્રંથનાં પ્રકરણોના શબ્દેશબ્દને હૈયે ઉતારીશ .મારા જીવનવૃક્ષની ડાલે ઊગેલા આ પીળા પાંદડામાં હું ગોકુળને અને પીતાંબરધારીને અવતારીશ. જીવન એક મહાસાગર છે. મહાસાગરને ગમે તેટલો ખેડો એ હંમેશા અતળ જ રહેવાનો.

# જીવનનું અંતિમ પર્વ

**ચંદ્રેશ પારેખની કલમે....**



.લાખમોતી પરવાળા. નીલમ એકઠા કરો, તોય રત્નાકર સાગર બીજા એવા કરોડો રત્નો પોતાની પાસે બાકી રાખવાનો એટલે કદીયે 'જિંદગીમાં બધું પામી લીધું'- એવું કોઈ કહી શકે નહીં. જિંદગી અખૂટ યાત્રા છે.

સંતાનો સાથેનો સંબંધ

વૃદ્ધવસ્થા એ જીવનનો એક વળાંક છે. બદલતા જીવનનાં તમામ પાસાંને વિશદરૂપે સમજી લેવા જોઈએ.વૃધ્દાવસ્થામાં સંતાનો સાથીનો સંબંધ તો સમગ્રપણે સમજી લેવો જોઈએ, કારણકે સંબંધ હસાવનારો હોય તેજ રડાવી શકે છે. અત્યાર સુધી સંતાનો સાથેના સંબંધમાં ભલે જે ભુલો થઈ તે થઈ, ખોટા ખ્યાલો સેવાયા તો ભલે સેવાયા, પરંતુ હવે 'જાગ્યા ત્યારથી સવારની તૈયારી થાય તો હજુ પણ કશુજ બગડી ગયું નથી.

પોતાના જ પેટનાં જણ્યા અંગે આપણા મનમાં કાંઈક કસર રહી જાય છે તેનું કારણ આપણી વધારે પડતી અપેક્ષાઓ.માબાપ રુપે આપણે પણ આપણી જાતને કેન્દ્રમાં રાખીને સંતાનનો વ્યવહાર ગોઠવાય એવાં સ્વપનાં જોઈએ છીએ, જે કદીયે સંભવ નથી. દરેકને પોતાનું જીવન છે. કોઈ આપણને કેન્દ્રમાં રાખી પોતાનો જીવન-વ્યવહાર ગોઠવે એવી અપેક્ષા તો હિંસા છે, શોષણ છે,અનીતિમતા છે, જાવન એક પવિત્ર ચીજ છે. દરેકના જીવનનું સ્વતંત્ર્ય જાળવવું એ માનસ માત્રની પવિત્ર ફરજ છે.ત્યાં સંતાનોનાં સ્વતંત્ર્યનું રક્ષણ થવું જ જોઈએ.

અપેક્ષાઓ એવી સેવી ન બેસીએ કે સંતાનો પર બોજ પડે. કોઈને ના પાડવાની પરિસ્થિતિમાં મૂકવા એ હિંસા છે. સામીની વ્યક્તિની સહનશીલતા, ક્ષમતાનું માપ કાઢી લઈને આંક આવે એના કરતા ઓછો બોજો જ આપણે તેના પર નાંખવો જોઈ એ. આ જ સંબંધોનું ગણિત.

વૃદ્ધાવસ્થામાં આપણાં સંતાનો સાથેના સંબંધમાં મનને બહુ આળું કરી નાંખવાની જરૂર નથી.આપણે સમજી લેવું જોઈ એ કે દીકરા-વહુન એમનું પોતાનું જીવન છે, એમનો પોતાનો સંસાર છે, એમના પોતાના વ્યવહાર છે. એમને એમની રીતે જીવવાનો અધિકાર છે.

એક દિવસ સોક્રેટિસે એક વૃદ્ધને એના પૂર્વજીવન વિશે પૂછ્યું.પેલાએ લંબાણથી આખી કહાણી સંભળાવી એનાથી સંતુષ્ટ



થઈ સોક્રેટિસ કહે,તમારું આજ સુધીનું જીવન તો બહું સારી રીતે ગયું કહેવાય ,પણ ઘડપણમાં કેવી રીતે જીવો છો, એ તો કહશો?

પેલા વૃદ્ધે કહ્યું:'આખી જિંદગી સુધી જે કાંઈ માલ-મિલકત, કીર્તિ-પ્રતિષ્ઠા કમાયો તે બધું સંતાનોને આપી દીધું છે. હવે છોકરો બેસાડે ત્યાં બેસું છું, ખવડાવે તે ખાઉં છું ને છોકરાનાં છોકરાને રમાડું છું. એના કામમાં જરાય આડો આવતો નથી. છોકરો કંઈક ભૂલ કરી બેસે તો પણ કાંઈ બોલતો નથી. પણ જો એ સલાહ લેવા આવે તો આખી જિંદગીના અનુભવનો નિચોડ ઠાલવું છું. પણ એ મારી સલાહ મુજબ ચાલે છે કે નહી તે જોતો નથી. મારો આગ્રહ પણ નથી હોતો. એ ભૂલ કરે તો ટોંકતો પણ નથી અને છતાંય ફરી સલાહ માટે આવે તો એ વાતો ફરી કહેતાં હું થાકતો પણ નથી વૃદ્ધની વાતો સાંભળી સોક્રેટિસે ખુશ થતાં કહ્યું: ઘડપણમાં કેમ જીવવું એ તમને આવડે છે ખરું!

# લોકડાઉન સમયમાં બાળકોને ગેમ્સ અને ટાસ્ક આપી મનોરંજન કરાવે છે આ ગર્લ્સ



અનેરી દેઢિયા અને પ્રિયલ દાવડા

કોરોના લોકડાઉન સમયમાં બાળકો ઘરમાં આનંદથી રહે તે માટે પેરેન્ટ્સને ખુબ મેહનત કરવી પડી રહી છે. ઘરમાં ને ઘરમાં રહેવાનું હોવાથી બાળકો ખુબ કંટાળી ગયા હોવાનું અનેક પેરેન્ટ્સ ફરીયાદ કરી રહ્યા છે. બાળકો માટે વેકેશનમાં કિડ્સ સમર કેમ્પ યોજાતા હોય છે અને કિડ્સને મજા પડી જતી હોય છે પણ આ વેકેશન અલગ છે બાળકો પણ જાણે છે બહાર કોરોના છે માટે બહાર જવાનું નથી. આવા સમયમાં ઘાટકોપરમાં અનેરી દેઢિયા અને પ્રિયલ દાવડા એ બાળકો માટે ફ્રી ઓનલાઇન કેમ શરુ કરવાનું વિચાર્યું. ૫ થી ૧૫ વર્ષના ૫૫થી વધુ બાળકો આ પ્રથમ કેમ્પમાં જોડાયા હતા. પાંચ દિવસીય કેમ્પમાં વારલી પેન્ટિંગ, ગરબા, પેપર આર્ટ વર્ક,ટોક ટોપિક,ફેશન શો વગેરે વિડિયો મોકલવાના હતા.



આ માટે અનેક જાણીતા જજ પણ પોતાના નિર્ણયો જાહેર કર્યા હતા. નિહારિકા શાહ, વૈશાલી ખીલાણી, વૈશાલી પારસ કારાણી ,રાજેશ જોશી, મીના ગઢવી, જીગ્ના શાહ, શિતલ ગાલા, રશ્મિ ગાલા, સ્વાતિ ઠક્કર વગેરે જજ હતા. બીજો ઓનલાઇન કેમ ૨૭ મે થી ૩ જૂન સુધી યોજાશે. આ અંગે અનેરી ના માતા પૂનમ દેઢીયાએ જણાવ્યુ કે અનેરી આર્ટ્સની સ્ટુડન્ટ છે અને ખુબ ક્રિયેટિવ છે. તેની આ નવી ટેલેન્ટ જોઈને અમે બધા ખુબ ખુશ છીએ.

# વી લવ લોકડાઉન:

## આ કહેવું છે ઘાટકોપરની વુમન્સનું



**કોરોના લોકડાઉનમાં જયારે બધા ઘરે રહીને કંટાળ્યા છે ત્યારે ઘાટકોપરની આ મહિલાઓને શા માટે લોકડાઉન ગમે છે તે તેમની પાસેથી જ જાણીયે.** – સિંજલ કોઠારી

**કોરોના લોકડાઉનને લીધે ઓલમોસ્ટ બે મહિનાથી લોકો ઘરે બંધ છે. હાઉઝવાઈફ હોય કે વર્કિંગ વુમન હોય બધા પોત પોતાના પરિવાર સાથે સમય વિતાવી રહ્યા છે. આ જ મુખ્ય કારણ છે કે ઘણાં લોકો આ સમય માં પણ પોઝિટિવ વિચારીને બેસ્ટ રીતે પસાર કરી રહ્યા છે. ઘાટકોપરની વુમનના ઈન્ટરવ્યુ માં તેમણે આ સમયમાં પરિવાર સાથે વિતાવી રહ્યા છે તે સમય, આ ટાઈમમાં તેમણે કાયા નવા શોખને લાઈફમાં એન્ટ્રી આપી, રોજિંદા જીવનમાં ના થઈ શક્તિ કે સમય ના મળતો હોય તેથી રહી જતી પ્રવૃત્તિઓને મહત્વ આપી શરૂ કરી, વગેરે અનેક વાતો શેર કરી હતી.**



**કાશ્મીરા નિલેશ જોશી :** હું કોરોનનાં લોકડાઉન સમયથી ખુશ છે. વિશ્વ મહામારી વચ્ચે ઘેરાયેલું છે ત્યારે આપણું ઘર અને આપણ પરિવાર સાથે રહેવાની મજા કંઈક અલગ છે. બધા ફોર્માલિટીના સંબંધો બંધ થઇ ગયા છે. પોતા માટે અને ફેમિલી માટે જીવવાનો સમય મળ્યો છે.સોશ્યલ ઓછું થયું એટલે બહાર જવાનું ઓછું થયું. ૨૮ વર્ષ પછી અમે અમારા લગ્નની સીડી સાથે બેસીને જોઈ.આ સૌથી રોમાંચક અનુભવ હતો. પહેલાતો બીજાના લગ્નો અટેન્ડ કરવામાંથી પોતા માટે સમય નહોતો મળતો. મારા પુત્ર સાથે સમય વીતાવવનો સુંદર સમય મળ્યોમ મારો પુત્ર શૌનક મને ઘણી નવી વસ્તુઓ ટેક્નોલાજી શીખવે છે. પહેલી વખત એવું અનુભવ થાય છે કે કેટલુ બધું નવું નવું શીખવા જેવું છે. મને રસોઈનો ખૂબ જ શોખ છે. આ સમયનો ઉપયોગ કસરત અને રસોઈ જેવા શોખ પુરા કરવામાં વિતાવ્યા છે. મને આટલા વર્ષે અમારા બંગલો ની વેલ્યુ સમજાય છે. અમે ખુબ સુરક્ષિત છીએ તેવું અનુભવું છું . હું પોતે બીકોમ, એલએલબી છું. મારા પતિ નિલેશ એડવોકેટ હોવાથી તેમનો ઘરેથી નીકળવાનો સમય નક્કી હોય પણ ઘરે પાંચ ફરવાનો નહીં આ લોકડાઉન માં એક વસ્તુ તો અમે નક્કી કરી કે તેઓ રાત્રે ૮ વાગ્યા સુધી જ કામ કરશે પછી રાત્રે પરિવાર સાથે બેસીને જમીશુંમ હું તો એક જ વાત કહીશ કે સૌથી સુખી લાઈફ આજ છે જે બધા એ સમજવાનું છે. મારા માટે લોકડાઉન એ સ્લોડાઉન છે.



**એડવોકેટ હિના વિનોદ સંપટ :** એક્ટિવ હોય જોબ કે ઓફિસ એ જતા હોય તેઓ માટે આ સમય સારો જ સાબિત થવાનો છે. અમારા ઘરે અમે બધા એડવોકેટ છીએ સવારે જઇયે અને આખો દિવસ કામ માં વ્યસ્ત હોઈએ, બધા પોટ પોતાની કેબીનમાં જામે પણ લોકડાઉનમાં અમે બધા સાથે બેસીને જમીયે છીએ. હાલમાં મારા મમ્મી પપ્પા સાથે છે તેમની સાર સંભાળમાં સમય વિતાવવાનો આનંદ અલગ છે. પહેલા વોર્ડ બોય કેર કરતો હવે મને મળ્યો , ઓફિસનું કામ પણ ઘરેથી જ કરીયે છીએ તો સંપૂર્ણ ઘરમાં બધા સાથે સાથે છીએ તેનો અનુભવ સુંદર છે. અમે ૭ જાણ ઘરમાં છીએ બધા સાથે જમીયે મુવી જોઈએમ ઘરનું કામ સહીત અનેક કામ મારા પાર આવે એટલે મજા સાથે થાક પણ લાગે છે. ધર્મિણ:, મિથિલ પ્રિયંકા મારા હસબન્ડ વિનોદ બધા નેટફ્લિક્સ પાર સાથે મળીને મુવી અને ગેમ્સ રમવાનો સમય ખુબ યાદગાર સાબિત થઇ રહ્યો છે. હું રસોઈનો શોખ પૂરો કરું ચુ અને એન્જોય કરું છું.



**મનીષા રાજેશ ઠક્કર :** લોકડાઉન દરેક માટે અનોખો અનુભવ લઈને આવ્યું છે. મારા માટે પણ અનેક નવા નવા સારા અનુભવ લઈને આ સમય આવ્યો છે. ઘરમાં હું એકલી લેડીઝ એટલે રોજના કાર્યોમાં આટલા દિવસ થયા એટલે પ્રોબ્લેમ થાય પણ મારા હસ્બન રાજેશ અને પુત્ર આદિત્ય પણ મને ઘણી હેલ્પ કરે છે. બંને જાણ બહારથી જરૂરી વસ્તુઓ તો લાવીજ આપે છે પણ આદિત્યને નવી વાનગી બનાવવાનો શોખ છે તો ઘણી વખત નવી વાનગીઓ બનાવી બધાને ખવડાવે. રાજેશ પણ ઘરના ઘણાખરા કામો પોતે કરતા થઇ ગયા છે, તેઓ ની એક ફાઈલિંગ છે કે અમે જેટલું બને તેટલું તને હેલ્પફુલ થઈએ. મને સિંગિંગનો ખુબ શોખ છે. આ સમયમાં મેં શોખને વધુ સારી રીતે અપનાવવામાં તથા મશગુલ થવામાં વિતાવ્યો છે. અને લોકડાઉન ખુલશે ત્યારે જરૂરથી મારા શોખને આગળ વધારવાનું પસંદ કરીશ અને સિંગિંગ ક્લાસ જય વધારે રિયાઝ દ્વારા સિંગિંગમાં આગળ વધીશ.



**પૂનમ નિમેષ દેઢિયા :** લોકડાઉનનો સમય કપરો હશે તેવું લાગતું હતું પણ જેમ જેમ દિવસો વીતી રાહ્ય છે દરેક દિવસ ખુબ આનં થી વીતી રહ્યો છે. મારી પુત્રી અનેરી તેના લોકડાઉન ઓનલાઇન સમર કેમ્પમાં, મારા હસબન્ડ નિમેશને તેના કામોમાં અને ઓનલાઇન યુટ્યૂબ પર નવી વાનગી શીખીને મજા આવી રહી છે. મને મહેંદીનો ખુબ શોખ હતો ઘણા સમયથીઆ શોખ પાર ધ્યાન નહોતું આપ્યું. ખાસ કરીને છેલ્લા થોડા સમયથી હું જ્વેલ સહેલી અને અન્ય સોશયલ એક્ટિવિટીમાં પ્રવૃત થઇ ત્યારથી મહેંદી તરફ ધ્યાન આપી શકતી નહતી. પણ હવે મહેંદી ફિલ્ડમાં ફરી તૈયારી કરી રહી છું. મારો નેચર એવો છે કે જે જગ્યા એ જેની સાથે હોઉં સાથે મળીને રાહુ અને કોઈ સાથે બગાડવાનું નહિ. લોકડાઉનના દરેકે પોત પોતાના અનુભવો પરથી શીખવાની અને તેને જીવનભર યાદ રાખવાની જરૂર છે. ખાસ તો મારા ફ્રેન્ડ્સ ને ખુબ મિસ કરું છું.



**ફાલ્ગુની દવે :** લોકડાઉન નો સમય અને તેની પહેલાનો સમય એમ બે ભાગમાં હું મારા અનુભવ વ્યક્ત કરીશ. લોકડાઉન પહેલાં હું સોશ્યલ કામોમાં ખુબ વ્યસ્ત રહેતી હોવાથી મારા પતિ, પુત્ર, પુત્રવધુ અને પૌત્ર સાથે સમય પસાર કરવાની તક ઓછી મળતી. હવે મારા પરિવારને પૂરો સમય આપી શકી તેનો આનંદ છે. મારા પૌત્ર હરીદાનશ અને રિયાન સાથે રમવાની માજા હોય કે પરિવારને રોજ રોજ ભાવતું ભોજન જમાડવાનો સંતોષ અલગ જ છે. ઘા સાથે સાથે સોશ્યલ લાઈફ પણ મહત્વની છે. હાલના આ કપરા સમયમાં લોકોને મદદની ખુબ જરૂર છે. સાંસદ મનોજભા કોટક, વિધાનસભ્ય પરાગભાઇ શાહ, જીતો માં ચંદાજી રુણવાલ આરએસએસ, ગણેશ અવસ્થી વગેરે અનેક લોકો સંગઠનો સાથે ઉપયોગી મદદ પહોંચાડવા માટે જરૂરી સમય આપ્યો છે. આ ઉપરાંત વી સહિયરમાં દરેક દિવસ તેમને સહ્યો સાથે સાથે દરોજ ના નવા નવા ટાસ્ક સાથે તેમને એન્જોય કરાવેલ. ભાવેશ અને નિધીશા, મારા હસબન્ડ મુકેશ અમે સૌએ સાથે રહીને ઘણી રીતે સમયનો સદઉપયોગ કર્યો છે, ઉજવણી પણ કરી અને તે પણ ઘરે કેક બનાવીને. દરેક સમયને ઉત્સવની જેમ જીવવવનો છે.લોકો કોરોના સામે સાવચેત રહે જરૂરી છે પણ આ અમૂલ્ય સમયને પરિવાર સાથે આનંદ થી વિતાવે તે વધુ જરૂરી છે.

# શું મોદી સરકાર-૨નાં વધેલાં ચાર વર્ષમાં કોરોના વાઈરસ મહામારી બાદ દાવો થઈ રહ્યો છે એ પ્રમાણે ભારત વર્લ્ડ પાવર બનીને ઊભરી આવશે?

કોઈ પણ દેશની વિદેશનીતિઓમાં એક વર્ષના ગાળામાં કોઈ મોટો ફેરફાર નથી આવતો. પરંતુ એક વર્ષના સમયમાં કેટલાંક નવાં વલણોને ફંફોસી શકાય છે.

મોદી સરકાર-૨ના પહેલા વર્ષનાં વલણ કંઈક આ પ્રકારે રહ્યાં...

- આત્મનિર્ભરતાનો પોકાર
- પીએમની વિદેશયાત્રામાં ભારે ઘટાડો
- કાશ્મીર મુદ્દે પાકિસ્તાન સાથે તણાવ વધ્યો
- સીએએ પર વિદેશમાં ચિંતા
- દિલ્હીનાં હુલ્લડો પર વિદેશમાં આકરી ટીકા
- રાષ્ટ્રપતિ ટ્રમ્પની ભારતની પહેલી મુલાકાત
- ભારતમાં ઇસ્લામોફોબિયાને લઈને સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમિરાતમાં આકરી પ્રતિક્રિયાઓ
- પડોશી દેશો સાથે બગડતા સંબંધો
- કોરોના મહામારીના સમયની કૂટનીતિ

### આત્મનિર્ભરતાની વાત

મોદી-૨નું એક વર્ષ પૂરું થતાં પહેલાં વડા પ્રધાન મોદીની જીભ પર એક નવો શબ્દ આવવા લાગ્યો, આત્મનિર્ભરતા. તેઓએ ૧૨ મેના રોજ રાષ્ટ્રજોગ સંબોધનના ૩૩ મિનિટના ભાષણમાં આત્મનિર્ભરતા અને આત્મનિર્ભર શબ્દનો ૩૩ વાર ઉપયોગ કર્યો.

આત્મનિર્ભરતાને સ્વદેશી સાથે સાંકળીને જોવામાં આવે છે. બહારથી આ બદલાતી આર્થિક પોલિસી તરફ ઇશારો કરે છે, પરંતુ આજે પરસ્પર જોડાયેલી આ દુનિયામાં કોઈ મોટી અર્થવ્યવસ્થા સંરક્ષણવાદી નીતિ અપનાવીને સફળ ન થઈ શકે.

કોરોના વાઇરસથી થયેલી બરબાદી બાદ એક નવી વિશ્વ વ્યવસ્થાની સ્થાપનાની શક્યતાની વાતો થઈ રહી છે.

આત્મનિર્ભરતાને અપનાવ્યા બાદ ભારતના પૂર્વ વિદેશ રાજ્યમંત્રી એમ.જે. અકબરના વિચારમાં આ એક ઐતિહાસિક શિફ્ટ છે, ‘‘(નવા) વર્લ્ડ ઑર્ડરનો મતલબ નિર્ભરતા ન હોવો જોઈએ. જે દિવસે નિર્ભર થઈ ગયા એ દિવસે નવી આર્થિક ગુલામી આવી જશે.‘‘

‘‘આપણે પહેલાં ઘઉં, ચોખા અને અનાજ મંગાવતા હતા (વિદેશમાંથી). જ્યારે ૧૯૬૭-૬૮માં ભયંકર દુકાળ પડ્યો ત્યારે આપણે ઘૂંટણિયે આવી ગયા હતા. આપણા ખેડૂતોએ ખાદ્યમાં આપણને આત્મનિર્ભર બનાવ્યા, ત્યારે તો આજે આપણે ગર્વથી જીવી શકીએ છીએ.‘‘

તેઓ આગળ દવાઓમાં ભારતની આત્મનિર્ભરતાનું દૃષ્ટાંત આપતાં કહે છે, ‘‘ઇમરાન ખાન પાકિસ્તાનના વડા પ્રધાન છે. તેઓએ હિંદુસ્તાનમાંથી બધી નિકાસ પર પ્રતિબંધ લાદી દીધો. તેઓએ કોઈને કહ્યા વિના ભારતની દવાઓ આખરે મંગાવી‘‘

ભારતના વિદેશસચિવ હર્ષવર્ધન શ્રીંગલાએ હાલમાં નેશનલ ડિફેન્સ કોલેજના ઑફિસરોને સંબોધિત કરતાં કહ્યું, ‘‘એક બાજુ આપણે દુનિયા સાથે જોડાયેલા છીએ, પણ આપણે વર્તમાન સંકટમાંથી ઊગરવા માટે આત્મનિર્ભર બનવાની પણ જરૂર છે, જેમ કે હાલમાં રાષ્ટ્રના નામે સંબોધનમાં વડા પ્રધાને આત્મનિર્ભરતાની વાત કરી હતી.‘‘

‘‘જ્યારે આપણે આત્મનિર્ભરતાની વાત કરીએ ત્યારે એનો મતલબ એ નથી કે આપણે આત્મ-કેન્દ્રિત કે દુનિયાથી અલગ થઈને રહીશું. એક આત્મનિર્ભર ભારત સ્વાભાવિક રીતે જ એક વધુ આંતરરાષ્ટ્રીયવાદી ભારત હશે.‘‘



### વિદેશયાત્રા ઓછી થઈ

મોદી સરકારનાં પહેલા પાંચ વર્ષ પર નજર નાખીએ તો આ સમય વડા પ્રધાનનો વિદેશયાત્રાથી ભરેલો છે. પાછલા વર્ષે ભારે બહુમતી સાથે સત્તામાં આવ્યા બાદ ગત એક વર્ષમાં વડા પ્રધાનની વિદેશયાત્રામાં ભારે ઘટાડો થયો છે. એમ. જે. અકબર અનુસાર, પહેલાં કેટલાંક વર્ષો પોલિસીમાં જે ખામીઓ હતી તેને સુધારવામાં ગયાં.

મોદી-૧માં રાજ્ય વિદેશમંત્રી રહી ચૂકેલા અકબર કહે છે કે નેપાળ અને ખાડી જેવા પડોશી દેશોમાં વર્ષોથી ભારતના કોઈ વડા પ્રધાને યાત્રા કરી નહોતી. મોદી-૧ દરમિયાન આ સંબંધોને મજબૂત કરવામાં લાગ્યાં. આ સિવાય વડા પ્રધાને મોટા ભાગે એવા દેશની યાત્રા કરી જેમની સાથે ભારતના જૂના સંબંધો હતા અથવા એવા દેશો જ્યાં ભારતના વડા પ્રધાનોએ યાત્રા નહોતી કરી.

વિદેશી મામલા પર રિપોર્ટિંગ કરનારા ફ્રાન્સ પત્રકાર મુસિન એનૈમી અનુસાર, ‘‘મોદીની વિદેશયાત્રાઓએ ભારતને વર્લ્ડ મેપમાં લાવી દીધો છે. ભારત પર નાના દેશોની આશાઓ વધી છે. અમારા દેશ ફ્રાન્સ સાથે સંબંધો ઘનિષ્ટ થયા છે અને આંતરિક વેપારમાં વધારો થવા લાગ્યો છે.‘‘

બ્રિટનનાં પત્રકાર વેનેસા વારીક ભારતની વિદેશનીતિ પર વર્ષોથી લખતાં આવ્યાં છે. તેઓ કહે છે કે ‘‘મોદીનાં પહેલા પાંચ વર્ષમાં વિદેશીયાત્રાઓની વોર્ડલ સ્ટેજ પર ચર્ચા થવા લાગી. પ્રવાસી ભારતીયોએ જે રીતે તેમનું બધા દેશોમાં ધૂમધામથી સ્વાગત કર્યું એ સરાહનીય હતું. પણ ગત એક વર્ષમાં તેમની યાત્રાઓ ઓછી થઈ ગઈ અને ભારતમાં ઘટેલી કેટલીક ઘટનાઓની અસર તેમની શાખ પર પડી છે.‘‘

### કાશ્મીરનો મુદ્દો

પાછલા વર્ષે ૫ ઑગસ્ટે જમ્મુ-કાશ્મીરનો વિદેશ દરજ્જો ખતમ કરતા અને આખા રાજ્યને લોકડાઉન અંતર્ગત લાવતા દુનિયાભરમાં કાશ્મીર ફરી એક વાર ચર્ચામાં આવ્યું. પાકિસ્તાને વિરોધ નોંધાવ્યો. સંયુક્ત રાષ્ટ્ર પણ ગયું, પણ ત્યાં સુધી ભારતની શાખ એટલી મજબૂત થઈ ગઈ હતી કે મોટા દેશોએ પાકિસ્તાનનું ન સાંભળ્યું. આંતરરાષ્ટ્રીય મીડિયામાં તેની ચર્ચા થોડાક દિવસો સુધી ચાલી અને ઘણા આંતરરાષ્ટ્રીય મીડિયાએ મોદી સરકારની આકરી ટીકા પણ કરી.

ખુદ ભારતમાં તેને મોદી સરકારની એક મોટી ઉપલબ્ધિ તરીકે જોવાઈ.

સીએએ પર વિદેશમાં શું કહેવાયું?: ડિસેમ્બરમાં સંસદ દ્વારા પાસ નાગરિકતા સંશોધન અધિનિયમ (સીએએ)ની વિપક્ષે આકરી ટીકા કરી અને કહ્યું કે આ કાયદો મુસ્લિમવિરોધી અને સંવિધાનના ધર્મનિરપેક્ષ સિદ્ધાંતોનું ઉલ્લંઘન છે. એવી પણ આશંકા વ્યક્ત કરાઈ કે એનઆરસી (નાગરિકતા રાષ્ટ્રીય રજિસ્ટર) અને

એનપીઆર (રાષ્ટ્રીય જનસંખ્યા રજિસ્ટર)ની સાથે સીએએનો ઉપયોગ મુસલમાનોને ટાર્ગેટ કરવામાં કરાઈ શકે છે.

તેને લઈને મોદી સરકાર પર આંતરરાષ્ટ્રીયસ્તરે ઘણું દબાણ થયું. સંયુક્ત રાષ્ટ્રે સીએએની સ્પષ્ટ ભેદભાવપૂર્ણ જોગવાઈઓની આકરા શબ્દોમાં નિંદા કરી. ભારતે જવાબમાં કહ્યું કે આ ભારતનો ‘‘આંતરિક મામલો છે‘‘ અને કોઈ વિદેશી સરકાર કે સંસ્થાએ તેમાં દખલ દેવાની જરૂર નથી.

આંતરરાષ્ટ્રીય મામલાની એક રશિયન કાઉન્સિંગ માટે લખતાં દિલ્હી વિશ્વવિદ્યાલયના પ્રોફેસર નરેન્દ્ર નાગરવાલ કહે છે કે આ કાયદાથી વિદેશમાં ભારતની છબિ ખરાબ થઈ છે.

‘‘આંતરરાષ્ટ્રીય મીડિયાએ સીએએ બાદ ભારતની નક્કી થયેલી વિદેશનીતિ અને વૈશ્વિક સ્થિતિને શું નુકસાન થયું તેનું નિરીક્ષણ કર્યું. મહત્ત્વની વાત એ છે કે ભારત સતત વૈશ્વિક અલગાવ તરફ આગળ વધી રહ્યો છે, અને તેના વિશ્વસનીય સહયોગીઓએ અલ્પસંખ્યકોના અધિકારો પ્રત્યે દેશની બંધારણીય પ્રતિબદ્ધતા પર પણ સવાલ ઉઠાવ્યા છે

દિલ્હી રમખાણ અને વિદેશની પ્રતિક્રિયાઓ

મલેશિયાના મુહાતિર મુહમ્મદે વડા પ્રધાન તરીકે સીએએ અને દિલ્હી રમખાણ પર ભારતની ખૂલીને ટીકા કરી. તેઓએ કાશ્મીર પર બોલીને અગાઉથી જ મોદી સરકારને નારાજ કરી હતી.

પાકિસ્તાનના વડા પ્રધાન ઇમરાન ખાને દિલ્હી રમખાણ પર ટ્વીટ કર્યું, જેની મોદી સરકાર પર કોઈ અસર ન થઈ. પણ ઈરાન અને તુર્કીએ તેનો વિરોધ કર્યો અને બાંગ્લાદેશમાં પણ વિરોધપ્રદર્શનો થયાં.

એ વાત પર ભાર આપવા કે ભારતમાં તેમની મુસ્લિમવિરોધી છબિ એક સ્થાનિક રાજકીય

# શું મોદી સરકાર-૨નાં વધેલાં ચાર વર્ષમાં કોરોના વાઈરસ મહામારી બાદ દાવો થઈ રહ્યો છે એ પ્રમાણે ભારત વર્લ્ડ પાવર બનીને ઊભરી આવશે?

કાવતરું છે. નરેન્દ્ર મોદીએ ખાડી દેશો સાથે પોતાના સારા સંબંધો પર હંમેશાં ભાર આપ્યો છે.

તેમનું કહેવું છે કે ભારતના ઇતિહાસમાં ખાડી દેશો સાથે તેમના કાર્યકાળમાં સારા સંબંધો છે અને માલદીવ અને બહરીને તેમને સર્વોચ્ચ સન્માન આપ્યું છે.

પરંતુ દિલ્હી રમખાણ અને કોરોના વાઇરસ સમયે મુસલમાનોને ટાર્ગેટ કરતાં ખાડી દેશોમાં આકરી ટીકા થઈ છે. ભારત સરકારે તેને ગંભીરતાથી લીધું છે કે કેમ એના કોઈ યોગ્ય સંકેત મળ્યા નથી.

રાષ્ટ્રપતિ ટ્રમ્પની ભારતમાં પહેલી મુલાકાત

યાત્રા એક દિવસ હતી પણ ૨૫ ફેબ્રુઆરીએ તેમની ભારતની યાત્રા મોદી-૨ની પહેલી મોટી સફળતામાંની એક છે.

વોશિંગ્ટનમાં ભારતીય મૂળના પત્રકારો અનુસાર, ટ્રમ્પની આ મુલાકાતને ભારતની રાજદ્વારી જીતના રૂપમાં જોઈ શકાય. ત્યાં વર્ષોથી રહેલા એક પત્રકાર ચિદાનંદ રજઘટ્ટાએ પોતાની કોલમમાં તેને મોદીની સિદ્ધિ ગણાવી.

આ યાત્રા દરમિયાન સંરક્ષણ ક્ષેત્રે બંને દેશો વચ્ચે એક કરાર પર હસ્તાક્ષર પણ થયા, જેની જાહેરાત રાષ્ટ્રપતિ ટ્રમ્પે જાતે કરી હતી, ''આજે અમે ભારત માટે અપાચે અને એમએચ-૬૦ આર હેલિકોપ્ટર સહિત ત્રણ અબજ ડોલરથી વધુ અમેરિકન રક્ષા ઉપકરણ ખરીદવા માટેના કરાર સાથે પોતાના સંરક્ષણ સહયોગનો વિસ્તાર કર્યો.''

તેઓએ આગળ કહ્યું કે ''આ સોદો અમારી સંયુક્ત રક્ષાક્ષમતાને વધારશે, કેમ કે અમારા આતંકવાદીઓ એકસાથે ખભેથી ખભો મિલાવીને ચાલી રહ્યા છે.''

પરંતુ અમદાવાદમાં એક મોટા ક્રિકેટ સ્ટેડિયમમાં એ સમયે હજારો ભારતીયોએ તેમનું સ્વાગત કર્યું જ્યારે દુનિયાના ઘણા દેશોમાં કોરોના વાઇરસ ફેલાઈ ગયો હતો. આથી બંને નેતાની ટીકા પણ થઈ.

ભારતીય વડા પ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ એકબીજાને તેમના ખાસ મિત્ર કહે છે, પરંતુ મોદી અમેરિકાની રાષ્ટ્રપતિની નારાજગી પણ વાકેફ છે.

ડોનાલ્ડ ટ્રમ્પ એ સમયે ભારતથી નારાજ થઈ ગયા જ્યારે ભારતે હાઇડ્રોક્સીક્લોરોક્વીનની નિકાસ પર પ્રતિબંધ લાદી દીધો. ટ્રમ્પે બદલો લેવાની ધમકી પણ આપી દીધી.

મોદી સરકારે અમેરિકા દવા મોકલવાની જાહેરાત કરી અને એ રીતે મામલો દબાઈ ગયો.

### ખાડી દેશોમાં ખટાશ

કોરોના વાઇરસના ફેલાવામાં તબલીગી જમાતની ભૂમિકા બાદ થયેલી મુસ્લિમવિરોધી ઘટનાઓ પર ખાડી દેશોમાંથી આકરી પ્રતિક્રિયા આવી. સોશિયલ મીડિયામાં મુસ્લિમ અને ઇસ્લામવિરોધી કોમેન્ટ કરનારા કેટલાક ભારતીય હિન્દુઓને નોકરીમાંથી કાઢી મૂક્યા. ત્યાંના શાહી પરિવારનાં એક સભ્ય શહઝાદી હિન્દે બીબીસી સાથે વાત કરતાં કહ્યું કે આ ઘટનાઓથી દુઃખ થાય છે, કેમ કે તેમની નજરમાં ભારત એક મોટું લોકતંત્ર છે અને આ રીતની ઘટનાઓથી તેમના દેશવાસીઓને આઘાત લાગ્યો છે.

તેઓ કહે છે, ''બંને દેશ વચ્ચેના સંબંધોમાં ખટાશ પર હું કોઈ ટિપ્પણી નહીં કરું, પરંતુ અહીંના ખાનગી વેપારી અને કોર્પોરેટના લોકો એવા ભારતીયોનો નોકરી નહીં આપે, જેમના પર મુસ્લિમ કે ઇસ્લામવિરોધ હોવાનો આરોપ છે.''

### પડોશી દેશો સાથે બગડતાં સંબંધો

મોદી-૨ના પહેલા વર્ષનો અંત પડોશી દેશ નેપાળ અને ચીન સાથેના સંબંધો બગડવાથી થયો. નેપાળે એક નવો રાજકીય નકશો જાહેર કર્યો છે, જેમાં દાવો કરાયો છે કે કાલાપાની, લિમ્પિયાધુરા અને ઉત્તરાખંડનું લિપુલેખ નેપાળમાં છે. ભારતે તેના પર વિરોધ દર્શાવીને ભાર દઈને નેપાળને કહ્યું કે ભારતના વિસ્તારોને પોતાના નકશામાં સામેલ કરવાની ભૂલ ન કરે. ભારતે નેપાળને ફરી વાર વાતચીત કરવાની રજૂઆત પણ કરી છે. નેપાળે આ પગલું ભારતીય રક્ષા મંત્રાલય દ્વારા એ રોડનું ઉદ્‌ઘાટન કર્યા બાદ ભર્યું છે જે ભારત અને ચીનને જોડે છે. નેપાળનો દાવો છે કે જે વિસ્તારમાંથી આ રસ્તો નીકળે એ છે એ વિસ્તાર તેમનો છે.

ભારત અને ચીનની સરહદો પર ફરી એક વાર ખટપટ શરૂ થઈ છે, જેને કારણે ભારત ચિંતામાં છે.

મોદી-૨ના પહેલા વર્ષના અંતમાં એક સારી ખબર એ માની શકાય કે માલદીવે ઇસ્લામી દેશોના સંગઠન ઓઆઈસીમાં પાકિસ્તાન વિરુદ્ધ ભારતનો સાથ આપ્યો છે.

પરંતુ એ સત્યથી મોઢું ન ફેરવી શકાય કે મોદી-૨નાં વધેલાં વર્ષોમાં પડોશી દેશો સાથે, ખાસ કરીને નેપાળ અને ચીન સાથે સંબંધો સુધારવા એક મોટા પડકારોમાંથી એક હશે.

વડા પ્રધાને આ મહામારી દરમિયાન જી-૨૦ના દેશોનો સંપર્ક કર્યો અને પડોશી દેશો સાથે વાત પણ કરી. આ સિવાય વિદેશસચિવ અનુસાર, ભારતે કોરોના વાઇરસ દરમિયાન ૧૩૩ દેશોને દવાઓ મોકલાવી છે.

મોદી સરકારનાં વધેલાં ચાર વર્ષમાં કોશિશ એ જ હશે કે આવનારા અસ્થાયી સમયમાં વિદેશ પોલિસીમાં નરમાશ દાખવે.

એમ.જે. અકબર કહે છે કે ૨૧મી શતાબ્દીમાં ભારતની ગણના એ ગણ્યાગાંઠ્યા ફ્રન્ટલાઇન દેશોમાં હશે જે દુનિયાનું નેતૃત્વ કરશે અને કદાચ એ જ વડા પ્રધાનની આગામી ચાર વર્ષમાં કોશિશ હશે.

# કચ્છમાં વગર મંજૂરીએ આવતા વધુ ૧૧ જણની ધરપકડ

જિલ્લાના પ્રવેશદ્વાર સમી સૂરજબારી ચેકપોસ્ટ પાસે પાસ, પરવાનગી વગર જિલ્લામાં આવવાની ફિરાકમાં રહેલા વધુ ૧૧ લોકો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. સૂરજબારી વન ખાતાની ચેકપોસ્ટ પાસે જિલ્લામાં આવતાં વાહનોની પોલીસ તપાસ કરી રહી હતી તે દરમ્યાન જીજે ૦૧ ડીટી ૭૩૩૩વાળી બસ આવતાં તેની તલાશી લેવામાં આવી હતી. મુંબઈ બોરીવલી વેસ્ટમાંથી આવેલા હીરજી દામજી કટક (પટેલ), અવળબેન હીરજી દામજી કટક (પટેલ), ભારતીબેન હીરજી દામજી કટક (પટેલ), નયનાબેન હીરજી દામજી કટક, લાલજી નારાણ આરેઠિયા (પટેલ), મનજી નારાણ આરેઠિયા (પટેલ), રસીલાબેન લાલજી આરેઠિયા (પટેલ), ગોમતીબેન મનજી નારાણ આરેઠિયા પાસ પરવાનગી વગર આવતાં આ તમામ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી તેમની ધરપકડ કરી હતી. તેમજ ઢળતી બપોરે લક્ઝરી બસ નંબર જીજે ૦૩ એએક્સ ૦૨૨૩વાળી આવતાં તેની પણ તલાશી લેવામાં આવી હતી. આ બસમાં અમુક મુસાફરો પરવાનગી લઈને આવ્યા હતા. જ્યારે ઘાટકોપર મુંબઈના ગણેશ પાંચા ઢાઢી (પટેલ), રસીલાબેન ગણેશ ઢાઢી (પટેલ) અને શૈલેશ સાંચા ઢાઢી પાસે કોઈ પાસ કે પરવાનગી ન હોવાથી આ ત્રણેયની અટકાયત કરી તેમના વિરુદ્ધ પણ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. સૂરજબારી ચેકપોસ્ટ ઉપર હજુ પણ અનેક લોકો કચ્છમાં આવવાની રાહ જોતા હોવાનું જાણવા મળ્યું હતું.

# ઘાટકોપરની રાજાવાડી હોસ્પિટલમાં કોરોનાના મૃતદેહની બાજુમાં દર્દીની સારવાર થતી હોવાનો વિડીયો વાયરલ

સાયન હોસ્પિટલમાં કોરોના વોર્ડમાં પ્લાસ્ટિકના આવરણમાં વિંટાળેલ મૃતદેહનો વાદગ્રસ્ત વિડીયો વાયરલ થયો હતો. ત્યારબાદ ત્યાંના સંબંધિત અધિકારીઓની તુરંત બદલી કરવામાં આવી હતી. ત્યારબાદ કેઈએમ વોર્ડ ૨૦ એ માં પણ મૃતદેહ કલાકો પડયા રહેવાનો વિડીયો વાયરલ થયાની ઘટના તાજી જ છે ત્યાં ઘાટકોપરની રાજાવાડી હોસ્પિટલમાં પણ પ્લાસ્ટિકબંધ મૃતદેહ હોસ્પિટલના ખાટલા પર પડી રહ્યો હોઈ તેની બાજુમાં જ દરદીઓની સારવાર કરવામાં આવી રહી હોવાનો વિડીયો વાયરલ થયો છે.

ઘાટકોપર સ્થિત રાજાવાડી હોસ્પિટલના વોર્ડમાં કોરોના મૃતદેહ ૧૨ કલાકથી વધુ સમય પડયો રહ્યો હોવાનો આક્ષેપ ત્યાંના એક દરદીએ કાઢેલ વિડીયો દ્વારા કરાયેલ છે. આથી વાયરલ થયેલ વિડીયો દ્વારા ત્યાંના કોરોના વોર્ડના દરદીઓની વિદારક સ્થિતિ સામે આવી રહી છે. આવી પરિસ્થિતિમાં ડાક્ટર્સ, નર્સ અને અન્ય કર્મચારીઓ ગભરાયા વિના પોતાની ભૂમિકા ભજવી રહ્યા હોવા છતાં દરદીઓમાં ભયનું વાતાવરણ છવાયું હતું. આ વિડીયો દ્વારા પાલિકા પ્રશાસનની પોલખોલ થઈ હોવાની સાથે જ મૃત્યુ બાદ પણ દરદીનું કોઈ જલ્દી વાલી થતું ન હોવાનું પણ જોવા મળ્યું છે.

રાજાવાડી હોસ્પિટલમાં ૧૨ કલાક મૃતદેહ પડી રહ્યો હોવાનો આક્ષેપ કરાયો છે. અત્યારે મુંબઈમાં કોરોનાનો સતત ફેલાવ થઈ રહ્યો છે, આથી ડાક્ટર્સ, નર્સ પણ કોરોનાના ભરડામાં આવી રહ્યાં છે, ત્યારે આ વિડીયો ક્યારનો છે? તેમજ તે મૃતદેહ કર્મચારીઓના અભાવે ત્યાં પડયો હતો કે કેમ? ઘણીવાર મૃતદેહના સંબંધીઓ મોડા આવે તો લાંબો સમય મૃતદેહ રાખવામાં આવે છે. પરંતુ વિડીયોમાં આક્ષેપ કરાયેલ લાંબા સમય સુધી મૃતદેહ રાખવો શક્ય નથી. મૃતદેહ પ્લાસ્ટિકના આવરણમાં લપેટયા બાદ શબગૃહમાં કે તે માળે થોડા સમય માટે મૃતદેહ રાખવા એક રૂમની વ્યવસ્થા કરાઈ હોવાનું પણ રાજાવાડી હોસ્પિટલના અધિકૃત સૂત્રોએ જણાવ્યું છે.

# રાહ ...



શ્રુતિનો આજે ૨૨મો જન્મદિવસ હતો. રવિવાર હોવા છતાં તે સાંજ સલુધી ઘેર પહોંચી નહોતી! મમ્મીનો સવારથી બે-ત્રણ વખત ફોન આવી ગયો કે કમ સે કમ મોઢું તો બતાવી જા. પણ હોસ્પિટલમાં નર્સનું કામ કરતી શ્રુતિને આજે મોઢું ઊંચુ કરવાનો પણ સમય નહોતો. ભારતમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહેલા કોરોના પેનડેમીકને કારણે હોસ્પિટલમાં કામ કરતી દરેક વ્યક્તિની આ જ હાલત હતી. એમાં પણ શ્રુતિની માન વસેવા માટેની અફાટ લાગણી ‘Lady with THe Lamp’ ની કક્ષાએ પહોંચી હતી!

છેવટે સાંજના છ વાગે હોસ્પિટલના ડીન દોશી સાહેબ શ્રુતિને લગભગ ઘસડીને હોસ્પિટલની બહાર લઈ ગયા અને સ્ટાફ માટેના વાહનમાં બેસાડી દીધી કામ પ્રત્યેની ધગશને કારણે તે સમગ્ર હોસ્પિટલની લાડકી બની ગઈ હતી. દોશી સાહેબ તો તેને દિકરી જ ગણતા.

શ્રુતિ એ તેના મમ્મી-પપ્પાનું ત્રીજુ સંતાન શ્રેયા અને શ્રેયાંશ પછી ત્રીજી શ્રુતિ સૌથી નાની હોવાને કારણે મમ્મીની ભારે લાડકી. પણ પપ્પાની વાત અલગ હતી! તેને ક્યારેય પપ્પાનો પ્રેમ મળ્યો નહોતો! પપ્પાનો બધો જ પ્રેમ શ્રેયા અને શ્રેયાંશ વચ્ચે સરખે ભાગે વહેંચાયેલો હતો. પપ્પાને આમપણ છોકરીઓ પ્રત્યે એક પ્રકારનો અસંતોષ હતો. મોટી બહેન શ્રેયાના જન્મને તેમણે ‘પ્રથમ પગલાની લક્ષ્મી’ ગણી સ્વીકારી લીધું હતું. શ્રેયાંશનો જન્મ થયો ત્યારે પપ્પાએ નીરાંતનો શ્વાસ લીધો હતો! તે શ્રુતિની મમ્મીને હોસ્પિટલમાં જોવા પણ નહોતા ગયા એક અણગમતા મહેમાન તરીકે શ્રુતિ ઘરમાં આવી હતી!

બચપણથી જ શ્રુતિ અને તેના પપ્પા વચ્ચે અભેદ મૌનની દિવાલ રચાઈ હતી પપ્પાના ખોળામાં બેસવાનું નસીબ શ્રુતિને ક્યારેય પ્રાપ્ત થયું નહોતુ!

મોટું ડોનેશન આપીને શ્રેયાને ડૉક્ટર અને શ્રેયાંશને એંજિનિયર બનાવનાર પપ્પા લાયક હોવા છતાં દાક્તરી માટે શ્રુતિ પાછળ એક પૈસો ખરચ્યો નહોતો! જો કે મમ્મીની મહેનત ને કારણે તે ઉત્તમ નર્સ બની શકી રહી શ્રેયા લગ્ન કરી કેનેડા સેટલ થઈ હતી જ્યારે શ્રેયાંશ બેંગલોર થઈ વસ્યો હતો.

શ્રુતિ જ્યારે ઘરે પહોંચી ત્યારે મમ્મીએ તેના પર ઘણા દિવસનું વહાલ એક સાથે વરસાવ્યું. નર્સ બન્યા પછી છેલ્લા બે વર્ષથી શ્રુતિ હોસ્પિટલના ક્વાટર્સમાં જ રહેવા લાગી હતી અને વચ્ચે ક્યારેક ઘરે આવી જતી. પપ્પા હંમેશ મુજબ પોતાના રૂમમાં જ પુરાયેલા હતા. બહાર આવવાની બિલકુલ દરકાર જ ન કરી.

‘ચાલ મારી દિકરી, નહાઈ-ધોઈ તૈયાર થઈ જા ત્યાં સુદી હું બધું તૈયાર રાખું છું. પહેલા કેક અને પછી તારી ભાવતી દાળ-ઢોકળી’ મમ્મીએ વહાલથી કહ્યું

શ્રુતિ નહાવા ગઈ ત્યારે જ તેના મોબાઈલની રીંગ વાગી. તેણે બાથરૂમ માંથી જ મમ્મીને ફોન ઊપાડવા કહ્યું. સામે દોશી સાહેબ હતા. તેમણે શ્રુતિની મમ્મીને ગુડ ન્યુઝ આપતાં કહ્યું. તમારી શ્રુતિએ અમારી હોસ્પિટલ અને આપણા સમાજનું નામ રોશન કર્યું છે. કોરોના-પીડિત અગણિત દર્દીઓની સેવા કરવા બદલ પી.એમ.હાઉસ તરફથી ખુદ પી. એમ. હાઉસ તરફથી ખુદ પી.એમ.કાલે શ્રુતિને ધન્યવાદ આપશે. પી.એમ.સાથેની શ્રુતિની ટેલીફોનીક વાતનું લાઈવ પ્રસારણ બધી જ ટી.વી. ચેનલમાં થવાનું છે!

એકાદ કલાક પછી શ્રતિ હોસ્પિટલ માટે નીકળી ત્યારે સાંજ ઘનઘોર રાતમાં પરિણમી હતી.

તે રાત્રે શ્રુતિની મમ્મીએ શ્રુતિના પપ્પાને આ વાતની જાણ કરી ત્યારે હંમેશ મુજબ ઠંડો પ્રતિસાદ આપતા તેમણે કહ્યું. હા આપણે કાલે લાઈવ પ્રસારણ જોઈશું!

બીજે દિવસે બન્ને લાઈવ પ્રસારણ જોવા બેઠા બાવીસ વર્ષની શ્રુતિને પી.એમ.સાથે વાર્તાલાપ કરતી જોઈને પોતાની દિકરી માટે પહેલી જ વાર ગર્વ થયો. આંખો અને હટપચી પરનો નાનકડો તલ, અચાનક તેને લાગ્યું કે તે તેની માતા કલ્યાણી દેવી જેવી આબેહુબ લાગી રહી હતી! તેનું હૃદય ખાલીપો અનુભવવા લાગ્યું. આંચકા સાથે તે ઊભા થઈ ગયા અને પત્નીનો હાથ પકડી એટલું જ બોલ્યાઃ ચાલ, આપણે હમણાં જ હોસ્પિટલમાં જઈએ છીએ.

સમગ્ર મુસાફરી દરમિયાન તે પોતાની જાતને કોસતા રહ્યા. ગાડી જ્યારે હોસ્પિટલ પહોંચી ત્યારે તેઓને મેઈન-ગેટ પાસે જ અટકાવવામાં આવ્યા. શ્રુતિના પપ્પાએ દોશી સાહેબને ફોમ જોડ્યો. સામેથી તેમને શોકીંગ સમાચાર મળ્યા કે લાઈવ પ્રસારણ પછી શ્રુતિની તબિયત અચાનક લથડી પડી હતી. એક સો ચાર ડીગ્રી તાવ હતો અને સમગ્ર શરીર ધ્રુજતું હતું! તેઓને બહાર જ રાહ જોવાનું કહેવામાં આવ્યું તેઓ શ્રુતિને આજે મળી શકે તેમ નથી. તેની તબિયત ઓર કથળી હતી!

ત્રીજે દિવસે તેઓને ખબર મળ્યા. શ્રુતિ કોવિડ-૧૯ નૂ દર્દી બની ગઈ હતી. ખબર સાંભળી શ્રુતિના પપ્પા, પત્નીના ખભે માથુ મુકી ચોધાર આંસુએ રહ્યાં.

દશ દશ દિવસના વહાણા વિતી ગયા હતા. શ્રુતિની મમ્મી પોતાના પિયર ચાલ્યા ગયા હતા. જ્યારે શ્રુતિના પપ્પા આખો દિવસ શુન્ય મનસ્ક પણે બાલ્કનીમાં બેસી પુત્રીના સારા સમાચાર આવવાની રાહ જોઈ રહ્યા છે. દિકરી સાજી નરવી ઘેર આવશે.... કે.... પછી... !

**-પૂજા ટોપરાણી**

# માત્ર હવા નિર્ભર રહેનાર ચૂંદડીવાળા માતાજીએ ૯૧ વર્ષે કર્યો દેહ ત્યાગ



ગુજરાતના પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે આવેલ અને ચૂંદડીવાળા માતાજીના નામે ઓળખાતા પ્રહલાદભાઈ જાની કે જેઓ ચૂંદડીવાળા માતાજી તરીકે ઓળખાય છે. જેમના પર મોટાં-મોટાં સંશોધનો થઈ ચૂક્યાં છે તેવા બનાસકાંઠા ખાતે આવેલા ચૂંદડીવાળા માતાજી દેવલોક પામ્યા છે. ચૂંદડીવાળા માતાજીએ ચરાડા ખાતે મંગળવારે મોડી રાત્રે દેહત્યાગ કર્યો હતો. ૨૮ મેના રોજ અંબાજી ખાતે તેમને સમાધિ આપવામાં આવી હતી. એવું કહેવાઈ રહ્યું છે. કે છેલ્લાં ૭૬ વર્ષથી ચૂંદડીવાળા માતાજી અન્ન-પાણી લેતાં નહોતાં. જે વિજ્ઞાન માટે પણ એક મોટો કોયડો સમાન છે. પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં ખ્યાતનામ દિવ્ય શક્તિ એવા પ્રહલાદભાઈ જાની ચૂંદડીવાળા માતાજીનો નશ્વર દેહ અંબાજીના ગબ્બર ખાતે સમાધિલીન થયા છે. ચૂંદળીવાળા માતાજીએ ૯૧ વર્ષે દેહત્યાગ કર્યો છે. ૭૬ વર્ષોથી તેઓ અન્નજળ ગ્રહણ કર્યાં સિવાય માત્ર હવા પણ નિર્ભર રહેતા હતા. માતાજી અન્નજળ વગર કેવી રીતે વર્ષો વર્ષ રહી શકે એ માટે મેડિકલ સાયન્સ દ્વારા પણ અનેક વાર તપાસ કરવામાં આવી હતી. ચૂંદળીવાળા માતાજી વિજ્ઞાન માટે પણ પડકાર સમાન હતા.

તેમનું આ રહસ્ય તેમના જીવન દરમિયાન કોઈ જાણી શક્યું નથી તો ધર્મ, શ્રદ્ધા અને આસ્થામાં માનનારા ભક્તો માટે માતાજી ખૂદ એક દિવ્ય શક્તિ હતા. ચૂંદડીવાળા માતાજીના ભક્તોને તેમનાં દર્શન થઈ શકે. એના માટે તેમનો નશ્વર દેહ ૨૬ થી ૨૭ તારીખ સુધી અંબાજી ખાતે દર્શનાર્થે મૂકવામાં આવ્યો છે. અંબાજી ગબ્બર પર રહીને છેલ્લાં ૭૬ વર્ષથી અન્નજળ ત્યાગ કરીને પ્રહલાદભાઈ મગનલાલ જાની ચૂંદડીવાળા માતાજીના નામથી ભક્તિ કરી રહ્યા છે. છ ભાઈઓ, એક બહેન સહિત ૨૫થી ૩૦ વ્યક્તિઓના જાની પરિવારના મોભી ચૂંદડીવાળા માતાજી છે.

થોડાં સમય પહેલાં ઘાટકોપરનાં વિધાનસભ્ય રામ કદમના ઘરે તેઓ પધાર્યા હતાં. રામ કદમે તે સમયના સંસ્મરણો વાગોળ્યાં હતાં અને તસ્વીરો સોશ્યલ મિડીયો પર મુકી તેમને શ્રદ્ધાંજલિ આપી હતી.

Haresh B. Parmar જે ભગવાન M: 098206 17168
Haresh Creation
Ladies Dressmakers
Believe in Creativity
हरेश क्रिएशन लेडीज् ड्रेसमेकर्स
Shop No. 3, Krishna Leela , Khokhani Lane, Ghatkopar (East), Mumbai - 400077
M: 87792 99022 (Sunday Closed)

ALIBAUG
WEEKEND HOME
2 BHK APARTMENT
Available Right on the Beach Side
For Outings with Families & Friends
FOR BOOKINGS & ENQUIRIES
Call : 98675 84877

સુવર્ણ તક
માર્કેટમાં ઝડપથી વધુ બિઝનેશ કરતી કંપનીને ફ્રેન્ચાઈઝી આપવી છે ફક્ત રૂા.૮૦,૦૦૦ના રોકાણમાં દિવસનાં ત્રણ થી ચાર કલાક કામ કરી
સુવર્ણ તક
માસિક રૂા.30000 થી 60000 કમાવવાની અમૂલ્ય તક
નિવૃત લેડીઝ જેન્ટ્સ તથા દરેક માટે બેસ્ટ બિઝનેશ તક
ટુ વ્હિલર આવડતુ હશે તેના માટે બેસ્ટ તક આજે જ મળો
MEHTA ENTERPRISES
10/A, Gr. Floor, Kanara Business Center, Laxmi Nagar, Ghatkopar Anderi Link Road, Ghatkopar (East), Mumbai - 400 075.
9967421409 / 8291440870 / 7623901554

# મહારાષ્ટ્રની ગઠબંધન સરકાર વિરુધ્ધ ભાજપનું આંદોલન










બીજેપીએ 'મારુ આંગણું સમરાંગણ' આ સૂત્ર આપીને સમગ્ર રાજ્યમાં 'મહારાષ્ટ્ર બચાવો' આંદોલનની શરૂઆત કરી છે. શુક્રવારે આખા મહારાષ્ટ્રમાં આંદોલન કરાયુ હતું. સત્તારૂઢ મહાવિકાસ ગઠબંધન સરકાર કોરોનાની સ્થિતિને હેન્ડલ કરવામાં નિષ્ફળ ગઈ છે, આ પ્રકારનો આક્ષેપ મૂકીને વિપક્ષે સરકારને શરમાવવાની કોશિશ કરી હતી. સાંસદ મનોજ કોટકે પોતાના મુલુંડ કાર્યાલય-સેવાલય ખાતે 'મહારાષ્ટ્ર બચાવો' ના સૂત્રોચ્ચાર સાથે આંદોલન કર્યું હતું.

કોરોનાની પૃષ્ઠભૂમિ દરમિયાન મુંબઈ તથા મહારાષ્ટ્રમાં કોરોના રોગીઓની સંખ્યા સતત વધી રહી છે. આ મુદ્દે સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે બોલાચાલી થઈ રહી છે. ભારતીય જનતા પાર્ટી (ભાજપાએ રાજ્યભરમાં 'મહારાષ્ટ્ર બચાવો' આંદોલન કર્યું છે. જેમાં કોરોનાના મુદ્દાને સંભાળવામાં વિફળ કહેવાથી મહાવિકાસ અઘાડી સરકારને દોષી ગણાવી છે.



ઘાટકોપરમાં વિધાનસભ્ય રામ કદમ, વિધાનસભ્ય પરાગ શાહ, નગરસેવિકા બિંદુ ત્રિવેદી, નગરસેવક સૂર્યકાંત ગવળી, પ્રવીણ છેડા સહિત અનેક કાર્યકર્તાઓએ પોતાના કાર્યાલયની બહાર મૌન રાખીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેમાં 'મહારાષ્ટ્ર બચાવો' નું બોર્ડ તેમના હાથમાં હતું. છેલ્લા કેટલાક દિવસોથી સત્તાધારી દળ અને વિપક્ષની વચ્ચે કેટલીક વાતોને લઈને ખેંચતાણ ચાલુ છે.

જેમાં કોરોના દરમિયાન દર્દીઓને મળનારી સ્વાસ્થ્યસેવા, પરપ્રાંતીઓને તેમના રાજ્ય સુધી પહોંચાડવાની સાથેસાથે વિદેશીઓનું સ્થળાંતર તથા નાગરિકોને તેમના ઘરે પાછા મોકલવાના પ્રયાસો ઉપર આરોપ તથા પ્રતિ આરોપ કરાઈ રહ્યા છે. મહારાષ્ટ્ર રાજ્યના મંત્રી મંડળે પોતાને ક્વોરેન્ટાઇન કરેલ છે. આથી મંત્રીઓને શહેરોમાં યુદ્ધના મેદાન જેવી સચોટ સ્થિતિ છે, તેની ખબર જ નથી. વિપક્ષી સમૂહ હોય જૂથોએ વિધાનસભા નો બહિષ્કાર કરવાનું આહ્વાન કર્યું છે એક તરફ કેન્દ્ર સરકારે ૨૦ લાખ કરોડ રૂપિયાના આર્થિક પેકેજની જાહેરાત કરી છે ત્યારે વિપક્ષે આ આંદોલન દ્વારા એ માંગ મૂકી છે કે મહારાષ્ટ્ર સરકાર પણ સામાન્ય માણસને રાહત આપવા માટે ૫૦ કરોડ રૂપિયાના પેકેજની જાહેરાત કરે. શુક્રવારે કરાયેલ

'મહારાષ્ટ્ર બચાવો' આંદોલન દરમિયાન માંગ કરાઈ છે કે મહારાષ્ટ્ર સરકારે વિશેષ આર્થિક પેકેજની જાહેરાત કરવી જોઇએ. આ સાથે જ રિક્ષા ચાલકો, મજૂરો, ઘરકામ કરનારા લોકો માટે એક વિશેષ આર્થિક કોષની જાહેરાત કરવી જોઇએ. વળી સામાન્ય નાગરિકોના વીજળીના બીલ, ત્રણ મહિનાનું ઘરનું ભાડું, ખાનગી હોસ્પીટલમાં કોરોનાનો નિશુલ્ક ઊપચાર, ત્રણ મહિનાની સ્કુલની ફીસ દરેકના રેશનકાર્ડ ઉપર દાળ, તેલ, સાકર વગેરે અતિ આવશ્યક વસ્તુઓ પ્રદાન કરવી જોઈએ. આ જરૂરી ચીજવસ્તુઓનુ વિતરણ એ લોકોને પણ કરવું જોઈએ જેમના પાસે રાશનકાર્ડ ઉપલબ્ધ નથી. એવી માગણી આંદોલન દ્વારા મૂકવામાં આવી છે, એમ મિહિર કોટેચાએ જણાવ્યું છે.

એક તરફ લોકો જરૂરી સગવડતાઓથી વંચિત છે અને બીજી તરફ મહારાષ્ટ્ર સરકાર પોતે ફેસબુક અને ટ્વિટર ઉપર પોતાની પીઠ થાબડી રહી છે. તેમણે સરકારને સલાહ આપી કે જો ભવિષ્યમાં સરકાર ચલાવવા ઇચ્છો છો તો આ માંગોનો સ્વીકાર કરજો.




# કોરોનાની પરિસ્થિતિ અંગે સાંસદ મનોજ કોટકની 'એન' વોર્ડના અગ્રણીઓ સાથે મિટીંગ





ઇશાન મુંબઈના સાંસદ મનોજ કોટકે રવિવાર, તા. ૨૪મી મેના ઘાટકોપરના વિધાનસભ્ય પરાગ શાહ, નગરસેવિકા બિંદુ ત્રિવેદી, નગરસેવક ભાલચંદ્ર શિરસાટ, ઈ.મું.ભાજપ જીલ્લાધ્યક્ષ અશોક રાય અને ભાજપના પદાધિકારી પ્રવિણ છેડા તેમજ મનપાના ઉપાયુક્ત બલમવાર, સહાયક આયુક્ત અમ્બીની સાથે કોરોના મહામારીની પરિસ્થિતિ અંગે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી જેમાં 'એન' વોર્ડના કેટલાક ડોક્ટર્સ પણ ઉપસ્થિત હતા.

આ મિટીંગમાં 'એન'વોર્ડ (ઘાટકોપર)માં કોરોના પરીક્ષણ સુવિધા ઉપરાંત ક્વોરેનટાઈન સેન્ટર અને હોસ્પિટલમાં સુવિધાઓ જેવા વિભિન્ન વિષયો પર વિસ્તારથી ચર્ચા થઇ હતી.

મિટીંગ પૂરી થયા પછી મનોજ કોટકએ કહ્યું હતું કે અમે કોરોના પરીક્ષણ અંગે ઘણી લેબોરેટરીની સમસ્યાઓ હલ કરી શક્યા છીએ તેનો અમને આનંદ છે. આ ઉપરાંત ઘાટકોપરના કેટલાક ડોકટરોને શોકોઝ નોટીસ પણ આપી છે. અમે ઘાટકોપરના બધા નાગરિકોને આશ્વસ્ત કરવા માગીએ છીએ કે અમે સૌ એક જ મંચ પરથી આપણે સર્વશ્રેષ્ઠ સેવા આપવાનો પૂર્ણ પ્રયાસ કરી રહ્યા છીએ.

# પૂજ્ય પારસમુનિ નુ ચાતુર્માસ મુંબઈ રાજાવાડી સંઘમાં, રાજકોટ નહીં પધારે : પ્રવિણભાઈ કોઠારી



ગોંડલ સંપ્રદાયનાં મહામંત્ર પ્રભાવક પૂ. શ્રી જગદીશમુનિ મ.સા. નાં શિષ્યરત્ન સદગુરૂદેવ પૂ. શ્રી પારસમુનિ મ.સા. વર્તમાન સમયે મુંબઈ ઘાટકોપર માં બિરાજમાન છે. કોરોના મહામારીનાં વિકટ સમયમાં સમગ્ર ભારતમાં મહારાષ્ટ્રમાં સૌથી વધુ કેસ છે, મહારાષ્ટ્રમાં મુંબઈમાં સૌથી વધુ કેસ અને મુંબઈમાં ઘાટકોપરમાં સૌથી વધુ પોઝીટીવ કેસ છે. આ વિકટ સમયે પણ ઘાટકોપરથી અન્યત્ર વિહાર કરીને જવાને બદલે, તેઓ નિર્ભય રહી ઘાટકોપરમાં જ આગામી ચાતુર્માસ શ્રી રાજાવાડી સ્થા. જૈન સંઘ ઘાટકોપરમાં બિરાજમાન થશે.

આગામી ચાતુર્માસ રાજકોટ શેઠ ઉપાશ્રયમાં હતું.શેઠ ઉપાશ્રય પ્રમુખ ચંદ્રકાંતભાઈ શેઠે સમય પ્રમાણે ઉદારતા બતાવી અને આ ચાતુર્માસ શેઠ ઉપાશ્રય રાજકોટના બદલે મુંબઈ ઘાટકોપર રાજાવાડી સંઘમાં કરવાની અનુમતી આપેલ છે.

વર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખી સ્વાધ્યાય, સાધના અને સંયમની પુષ્ટતા અર્થે પૂજ્ય ગુરુદેવ રાજાવાડી સંઘમાં બિરાજમાન થશે. આ વિકટ પરિસ્થિતિમાં જ્યાં સંતો છે ત્યાં જ બિરાજમાન થવું, અથવા આસપાસ બિરાજમાન થવું આવશ્યક છે. ગુરૂદેવે જણાવેલ કે પર માટે ઘણા ચાતુર્માસ કર્યા. સ્વાત્મ માટે સાધનામય બનવાનો અમૂલ્ય અવસર મળ્યો છે. સંઘો એ સરકાર છૂટ આપે તો પણ આ વર્ષે સમૂહમાં તમામ પ્રવૃતિ બંધ કરવી જોઈએ. સરકારની છૂટ આપવાથી મહામારીએ છૂટ નથી આપી દીધી. મહામારીની આ આપદામાં સંતોએ ચાતુર્માસિક ખર્ચાઓથી દૂર રહેવું આવશ્યક છે. જે સાધર્મિકો હાથ નથી લાંબો કરી શકે તેમ નથી. તેની મદદે સમાજનાં કહેવાતા જગડુશાહો અને ભામાશાઓએ આવવું જોઈએ.


રાજાવાડી સંઘ પ્રમુખ ચંદ્રકાંતભાઈ અજમેરા એ જણાવ્યુ કે અમારા સંઘની સ્થાપના મહામંત્ર પ્રભાવક પૂ. ગુરૂદેવ શ્રી જગદીશમુનિ મહારાજ સાહેબે કરી છે અને તેમનાં સુશિષ્યનું અમને ચાતુર્માસ મળતા સકલ સંઘમાં અનેરો આનંદ છે. પૂ. પારસમુનિ મહારાજ સાહેબની અમારા સંઘ પર પૂ. જગદીશમુનિ મ. સાહેબ ની જેમ જ અનેરી કૃપા છે. માત્ર સ્વ સાધના અને સંયમ જીવનનાં રક્ષણાર્થે જ આ ચાતુર્માસ દરેક સંઘો એ કરાવવા જોઈએ. સંતોના સંયમ જીવનની રક્ષા થશે તો અન્ય ચાતુર્માસમાં પ્રવૃતિઓ તો થવાની જ છે. સમાજ, સંપ્રદાયો અને સંઘોએ આ ચાતુર્માસમાં સંતોની કાળજી રાખવાની છે. સંતો જિનશાસનની મૂડી છે. સંત છે તો સંઘ છે. સંતો જ નહી, પધારે તો સંઘોનું અસ્તિત્વ જ નહીં રહે. જિનશાસન શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘને પ્રમાણભૂત માને છે.

આ વિકટ સમયમાં રાજકોટ તરફનો વિહાર સુરક્ષિત ન હોવાથી અને અમારી ભાવભરી વિનંતીથી ૨૦૨૧ ને બદલે અમોને ૨૦૨૦ માં જ પૂ. ગુરૂદેવ નું ચાતુર્માસ મળી ગયુ , તેનો સકલ રાજાવાડી સંઘના જયસુખભાઇ જસાણી , શશીકાંતભાઈ ઉદાણી, સુમતિભાઈ શાહ, આદિ સર્વ પદાધિકારીગણના હૃદય માં અતિ આનંદ છે. યોગ્ય સમયે, યોગ્ય નિર્ણય લઈ, પૂજ્ય ગુરૂદેવે અને ગોંડલ સંપ્રદાયે યોગ્ય જ કાર્ય કર્યું છે. ગોંડલ સંઘ પ્રમુખ પ્રવીણભાઈ કોઠારી, અને શેઠ ઉપાશ્રય પ્રમુખ ચંદ્રકાંતભાઈ શેઠ પ્રત્યે રાજાવાડી સંઘ ખૂબ ખૂબ આભાર ની લાગણી વ્યક્ત કરે છે. તેમ હરેશભાઈ અવલાણીએ યાદી માં જણાવ્યું છે.

રાજાવાડી સંઘ પ્રમુખ ચંદ્રકાંતભાઈ અજમેરા
સંપર્ક : ૦૯૩૨૨૬૯૭૯૭૧

# કુદરતનો હુકમ–જીવનની ગાડીનો યુ ટર્ન લઈ ઘર તરફ વાળો

શબ્દોનું સ્પંદન



પ્રા. બિંદુ મહેતા

કુદરત કે કર્મરાજાની મરજીથી આપણે આખા વિશ્વમાં ચોક્કસ ઘર પરિવારમાં જન્મ લીધો છે અને આજે આપણે કુદરતની મરજીથી આપણે ઘરમાં બંદી છીએ આ આપણી મરજી હોય કે મજબૂરી પરંતુ કુદરતનો હુકમ છે કે જીવનની ગાડીનો યુ ટર્ન લઈને ઘર તરફ વાળો નહીતર ધમાલીયું શહેરી જીવન જીવીએ છીએ ઘડીયાળના કાંટે આપણે એક જગ્યાએથી બીજી જગ્યાએ ભાગ દોડમાં જ છીએ ખાવું પીવું બોલવું ચાલવું તેમાં ઘણું ખરું આપણું નકલી છે સવારથી રાત સુધી આપણે મોઢા પર મુખવટો પહેરીને દંભનું જીવન જીવીએ છીએ વ્યક્તિ વ્યક્તિ અને પ્રસંગ પ્રમાણે આપણી ઉઠબેસ બોલવું ચાલવું પહેરવેશ ક્ષણિક સ્પર્શતા હોય છે. ઘરે આવી આપણે બધાજ મુખવટાને ઉતારી ક્યારેક હળવાશ અનુભવાય છે. તો ક્યારેક આખા દિવસનો તનાવ અનકહી ઘરના ઉપર ઠાલવીએ છીએ ત્યારે ઘરનું વાતાવરણ પણ ડોહળાઈ જાય છે કે બગાડીએ છીએ ત્યારે કોઈક વાર ઘરનાને કહેતા સાંભળીએ છીએ કે તમે બહાર હોતો જ સાર ઘરમાં શાંતિ લાગે છે.

આજે શહેરી જીવન જીવતા મોટાભાગના લોકો તેમાં પણ ખાસ યુવાન વર્ગ અનેક કારણો સર માત્ર ખ.પ.સ. માટે જ ઘરમાં આવે છે. ખાવા પીવા માટે પૈસાની આપલે માટે અને સુવા માટે ખપ પુરતી વાત ઘરના સાથે કરવાની પુછે તેટલા નાજ જવાળ હા નાથી કામ ચાલતુ હોય તો તેજ કરવાનું વાતોનો વિસ્તાર ખૂબજ સીમીત ઘણીવાર ઘરના માટે પ્રેમ હોય પણ તેની પુરતી અભિવ્યક્તિ માટે સમય નથી ઘરમાં પણ વ્યક્તિ વ્યક્તિ વચ્ચે સ્વાર્થના સંબંધો પુરૂષ પદ પૈસાનું મહત્વ જેના પલ્લામાં આ ત્રણ હોય તેનું પલ્લું ભારી તેને બધા હાજી હાજી કરે તેની વાહ વાહ કરે પછી ભલેને તે બુદ્ધિના બળદીયા હોય આજ ઘરનાની સાથે ઘરનાની કે બહારની સામાજિક વાત સગા સંબંધીઓમાં રસ નથી કોઈને એક બીજાને જાણવાનો સમજવાનો સમય નહી જેથી આત્મીયતાના સંબંધોની અભિવ્યક્તિ ન હિવત જ અને સોશીયલ મીડીયા પર મારી મોબાઈના માધ્યમથી વિશ્વમાં શું ચાલી રહ્યું છે. ઘર બહારના મિત્ર વર્તુળ કે પછી ફેસબુક વોટ્સએપ ગ્રુપમાં મસ્ત ડુંગર દુરથી રળીયામણા જેવા છીંછરા સંબંધોને વાતો નવું નવું જાણ્યું ને ભુલી ગયા તેનો જીવન સાથે કોઈ જ સંબંધ નહી જેના ઘરના સાથે સારા સંબંધો હોય છતાં પણ તે માત્ર સમયે આડી અડચણ ખડે પગે ઉભા રહે તો પણ બહુ થઈ ગયું કહેવાય ઘરનાઓ સાથે ગપ્પા મારવા રોજબરોજની એક બીજાની વાતોથી વાકેફ હોવું ઘરની અંદર પ્રસંગોની ઉજવણી કરવી એક બીજાના ગમા અણગમાને પસંદના પસંદને જાણવું તે બધુ માત્ર નામ પુરતું રહ્યું છે.

આજે કોરોના દ્વારા કુદરતની કરામત તો જુઓ કે તેણે ઘરના સભ્યોને ઘરમાં જ બંધ કરી દીધા છે ને કામવાળા અને બહારનાને પ્રવેશ નહિ આજે ઘરની વ્યક્તિ સાથે રહીને જ તમારી જરૂરીયાત પુરી કરી શકો હવે ઘરના સાથે વાત કરવાનો સમય નથી તે બહાનું ન બતાવી શકો જેના સાથે રહો છે તે વ્યક્તિની નવી નવી બાબતો તમે ધ્યાનથી જુઓ સમયના અભાવે જે ગેરસમજની ધૂળ ભેગી થઈ હોય તે દૂર કરવાનો સમય છે. ઘરનાની આવડત ઓળખી તેનો સદુપયોગ કરી તેને પ્રસન્ન કરી શકાય પ્રશન્ન રહેવુ તે સ્વસ્થ્ય માટે આવશ્યક છે અને સંબંધોને પાંગરવાનું ઈંધણ મળે આજે ઘરમાં રહેલું તે કુદરતની મરજી છે તેવે વખતે આપણે બહારની દુનિયા સાથે જેમ ટકા ટક રહીએ છીએ આપણી સારી છાપ પડે તેવા પ્રયત્ન કરીએ છીએ બસ તેવી જ છાપ અત્યારે આપણા ઘરમાં પડે તેવા પ્રયત્નો તો કરીએ. વૃદ્ધો સાથે વાતો કરવાથી જ તેઓની ઘણી મુશ્કેલી ફરિયાદો આપો આપ દૂર થઈ જાય છે અને જે યુવા વર્ગને અડધી અડધી રાત સુધી ઘરની બહાર રહેવાની આદત સાથે વડીલોને ન ગમતી કુટેવોનો ભોગ બન્યા હોય તો તે પણ ઘરમાં બંધ હોવાને કારણે દૂર થઈ શકે છે. આપણી બહારની દુનિયામાં જીવવા માટે કુદરતની મંજુરી ન મળે ત્યાં સુધી આપણું ઘર જ આપણી દુનિયા છે અત્યારે તો કુદરતનો હુકમ છે કે જીવનની ગાડીનો યુ ટર્ન લઈને ઘર તરફ વાળો.

# ઉત્તર ભારતીય સ્વર્ણકાર (સોનાર) વિકાસ મંડળ, મુંબઈ દ્વારા સેવાકાર્ય

લોકો કોરોના મહામારી સાથે લડી રહ્યા છે ત્યારે બીજી બાજુ ઉત્તર ભારતીય સ્વર્ણકાર (સોનાર) વિકાસ મંડળ, મુંબઈ. આ સંસ્થાએ કોરોના મહા મારીના આ કાળ દરમ્યાન લોકોને રાહત આપવાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે. સંસ્થાએ પૂર્ણ મુંબઈ શહેરમાં જરૂરિયાતમંદ લોકો ને રાશન ,દવાઓ તેમજ આર્થિક અને ભોજન વ્યવસ્થાઓ કરી આપી છે. આ કડીને જાળવી રાખતા સંસ્થાના ઘાટકોપર ક્ષેત્રમાં ૨૫ મે સોમવારના જરૂરિયાતમંદ ભાઈઓ સામાજિક દૂરીનું પાલન કરીને રાશનનું વિતરણ કરવામાં આવેલ. આ કાર્યમાં સંસ્થાના મેનેજીંગ કમિટીના સદસ્ય શ્રી શૈલેષ સોનાર તથા યુવા કમિટિ ના સદસ્ય શ્રી રાકેશ વર્માએ પોતાનું પ્રમુખ યોગદાન આપ્યું છે સંસ્થાના અધ્યક્ષ રામ જીવનલાલ સોનીજીનો આ ઉદ્દેશ છે કે 'કોઈ ભૂખ્યા ના રહે, કોઈ ભૂખ્યા ના સુએ '



# વોઈસ ઓફ ઘાટકોપર ક્લાસિફાઈડ્સ

એડ આપવા માટે સંપર્ક 022-40229684
/vognewslive
www.vognewslive.com

જાહેરખબરના દર
ક્લાસિફાઈડ્સ જાહેરખબર ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા. ૪. જાહેરખબર બુધવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે. જાહેરખબર પ્રગટ કરવાની સામગ્રી કાર્યાલયમાં આપો ઘાટકોપર ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર
-: ઓફિસ :-
એ-૧, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર (ઈસ્ટ).
સંપર્ક : ૯૦૨૨૨૭૯૬૮૪
voiceofghatkopar@gmail.com

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે વોઈસ ઓફ ઘાટકોપર કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે વોઈસ ઓફ ઘાટકોપરના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.
- સંચાલક

## આરોગ્ય

All domestic work servant available. All ayurveda punchakarma treatment : Smitha House Servant Agency : UG 310. Dreamsmall,Bhandup W **Contact : 2166 0419, 98467 46902.** (396)507

ALLSTAR Shipping Offers Packing and Shifting of House Hold Goods Anywhere In India & Abroad. **Contact : 9867572251.** (1717)529

## મનોરંજન

**નિર્મલ ઠક્કર**
જૈન સ્તવન, સંગીતસંધ્યા, લગ્નગીત, ભજન, પ્રાર્થના, દરેક પ્રકારના મનોરંજન કાર્યક્રમ માટે. **93239 46210, 98696 66672.** (1801)540

## ધંધાદારી

**દેશ વિદેશ કુરિયર 24x7**
ડોક્યુમેન્ટ્સ, મેડિસીન, કુરિયર, ખાવાપીવાની ચીજ વસ્તુઓ, યુ.કે., યુ.એસ.એ., ઓસ્ટ્રેલીયા મોકલવા. **અનુજ સંગોઈ - ફોન : 8879991866.** પેક એન ડિલેવર. (1761)533

**પ્રતાપ પેકર્સ એન્ડ મુવર્સ**
૪૫ વર્ષથી ઓફિસ ઘર સામાન. **લલીતભાઈ ઠક્કર- 99209 55291, 98210 70320, 98215 43816.** (431)529

Ashish Packers & Movers door to door, All India Service **Mumbai 23784617 / 9320657411, Andheri 9322783239, Borivali 9619079978, Worli 9699428678.** (1808)539

**ACE પેસ્ટીસાઈડ**
૧૯૯૩થી સોસાયટીના સ્પેશ્યાલીસ્ટ ઈંજેક્શનથી - ઉધઈ, માકડ, વાંદાનો જેલથી નાશ. **9220789533, 9029181030.** (1850)542

## રીઅલ એસ્ટેટ

**Tirupati Realtors**
Available/Wanted Offices - Shops on sale & Leave-License 500 to 50,000 ft. **Cont.: 022-2269 5252 / 98206 10810** (1815)539

**શૈલેષ વોરા**
**રીઅલ એસ્ટેટ કન્સલટન્ટ**
ઘાટકોપર ઈસ્ટ/વેસ્ટમાં શોપ, ઓફિસ ફ્લેટ લેવા-વેચવા તેમજ લીવ લાયસન્સ માટે. **શૈલેષભાઈ વોરા : 88985 38335, 90048 38335.** (1813)539

## નોકરી સંબંધી

**OPPORTUNITY !!**
(Ghatkopar) Exclusive for Retired/VRS/NRI/ Bankers & HouseWife To Restart 2nd career. Earn Desire Income + Allowance +Special Training **Call :9594594301.** (1748)532

## શૈક્ષણિક

**Intensive & Synthetic Phonics**
Introduction to Concept of Reading and Phonics, Sound, Blending, Tricky Words, Spelling Rules, Worksheets, Practicals, Essential Grammar, Spelling, Punctuation Skills. Comprehensive program with Material and Certificate. Call : **9833874424, 7304195472** (427)509

## મહિલા માટે

SALE OR EXCHENGE OFFER FOR KURTIES, DUPATTAS AND NIGHTIES **CONTACT 9821468567** OR VISIT OUR STALL AT BHATIA WADI. (P)545

વોઈસ ઓફ ઘાટકોપરમાં સ્પેશીયલ ફીચર માટે સંપર્ક - સીંજલ કોઠારી 8655185667

મરણનોંધ માટે
સંપર્ક : ૯૮૬૯૦૩૮૦૯૫, ૯૦૨૨૨૭૯૬૮૪

## રીઅલ એસ્ટેટ

**GHATKOPAR**
FLATS - 1/2/3 BHK NEW / OLD. BLDG 80 LAC TO 2.80 CR. RENTAL 25K. TO 75K. COMMERCIAL - INDUSTRIAL - LAND. **NAVGRAHAA REALTY : 91522 47683 / 98214 25950.** (1762)534

ભાડાનાં સ્પેશિયાલીસ્ટ
ઘાટકોપરથી ચેમ્બુરમાં રેસીડેન્શીયલ/કમર્શિયલ રૂા.૧૮,૦૦૦થી રૂા.૧,૫૦,૦૦૦ સુધી આપવા લેવા માટે
**ચિંતન દેસાઈ**
**શ્રી મહાલક્ષ્મી રીઅલટર્સ**
**9321234567**

**ઘાટકોપર, વિદ્યાવિહાર, ચેમ્બુર, તીલકનગર**
ફ્લેટ ઓફિસ દુકાન ભાડેથી/ વેચાણથી લેવા-વેચવા. **પંકજ નરેન્દ્ર વોરા - 9321103249.** (B)522

**નીલકંઠ બિઝનેસ પાર્ક**
વિદ્યાવિહાર વેસ્ટ ફર્નિશ્ડ લોફ્ટ ભાડેથી આપવાનો છે. **સંપર્ક : 9820023817.** (B)494

## ધંધાદારી

**OPPORTUNITY !!**
(Ghatkopar) Exclusive for Retired/VRS/NRI/ Bankers & HouseWife To Restart 2nd career. Earn Desire Income + Allowance +Special Training **Call :9584578999.** (1887)495

**ઘરે બનાવેલુ પ્યોર અથાણુ**
ખાટી કેરી - ગુંદા, ગોળ કેરી, છુંદો રેડી તૈયાર કરીને મળશે
ચોખ્ખુ શુદ્ધ અથાણું, પ્યોર અને સીંગતેલમાં બનાવીને મળશે.
**સંપર્ક : જીતેન્દ્ર કોઠારી - 9322863755**

## મહિલા માટે

**ઘેર બેઠા કરાવો**
બ્લીચ ફેશીયલ વેક્સ હેરસ્પા Rs.999 સાઈડર્સ, બેબીશવર Rs.800 પ્રિવેડીગ શુટ, ફેશન શુટ Rs.3000 . કાન કાણા પૂરાવો. **Cont.: 9867094908, 8169458427** (424)497

**WOMEN START EARNING**
10,000 - 30,000 PM, BECOMING COMMISSION PARTNER PROPERTY CHANNEL PARTNER FIRM. **91522 47683 / 98214 25950.** (1762)534

Exclusive range of gharchola, bandhani, chania-choli, panetar & fancy sarees. **Jyoti Saree,** Matunga, King Circle **Ph.: 2404 3995.** (1812)539

**ઈમિટેશન જ્વેલરી**
સેટ લોંગ બુટ્ટી, બંગડી, કડા, બ્રેસલેટ ૫૦ ટકા ડિસ્કાઉન્ટથી મળશે. સમય ૩ થી ૬. **બીના : 70218 46077.** (1781)536

**ભાડા પર કપડા**
ચણીયાચોલી, ગાઉન, ઈન્ડો વેસ્ટર્ન ભાડેથી મળશે. ભાડુ ૧૦૦૦થી ચાલુ, પૂજા જોડ, કપલ જોડ વેચાતી મળશે. **આરતી શેઠ: 9029678055.** (1781)536

## મહિલા માટે

**Hobby Course Discount**
શીખો મહેંદી, નેલઆર્ટ, નેલ એક્સટેન્શન, કેલીગ્રાફી, આણા ડેકોરેશન, ડેકોપેજ, રેશીન આર્ટ, કેન્ડલ, પેન્ટીંગ, નેમપ્લેટ, રેગ્યુલર ડિસ્કાઉન્ટ વર્કશોપ. **સંપર્કઃ કાજલ - 9869679871.** Instagram : hobbyartacademy-mehendi (1798)538

## ધંધાદારી

**શેરના કોઈપણ પ્રોબ્લમ**
માટે Service આપીશું Iepf, Demat,Single Deceased, Probate, Succession, Duplicate, Transmission Ph. **2805 4730, 2805 5719, 2866 1092, 2865 5805/09,** Mob.: **9619315362** (cq)506

**દરેક કંપનીના શેર**
ખરીદશું Physical/Demat/ Shares/Listed/Delisted Investment House Ph. **28054730, 28055719, 28661092, 28655805/09, Mob.: 9619315362** (cq)506

## મનોરંજન

**Jalsa Event**
Starting Just@7000/- with Singer+DJ+Host make party/celebration/ wedding memorable. **9322600800.** (267)511

**વોઈસ ઓફ ઘાટકોપર**
**ક્લાસિફાઈડ જાહેરાત (1 વર્ષ)**
**સ્પેશિયલ ઓફર**

| | | |
|---|---|---|
| 15 શબ્દના | ~~Rs.5200~~ | Rs.1500 |
| 16 શબ્દના | ~~Rs.5408~~ | Rs.1600 |
| 17 શબ્દના | ~~Rs.5616~~ | Rs.1700 |
| 18 શબ્દના | ~~Rs.5824~~ | Rs.1800 |
| 19 શબ્દના | ~~Rs.6032~~ | Rs.1900 |
| 20 શબ્દના | ~~Rs.6240~~ | Rs.2000 |

022-40229684 • 8655185667
*શરતો લાગુ +5% GST Applicable

# મોથાળા આશાપુરા મંદિરના ૩૧મા પાટોત્સવની સાદગીપૂર્ણ ઉજવણી

મોથાળા સ્થિત આશાપુરા માતાજી મંદિરના ૩૧મા પાટોત્સવની હાલની પરિસ્થિતિ નજરે સાદાઈથી ઉજવણી કરવામાં આવી હતી.

મોથાળા મધ્યે આવેલ મંગે પરિવારના કુળદેવી આશાપુરા માતાજી મંદિરના ૩૧મા પાટોત્સવની હાલની લોકડાઉનની પરિસ્થિતિ નજરે સાદાઈથી ઉજવણી કરવામાં આવી હતી. ભુઈમાના આદેશ અનુસાર અને મંદિરની કમીટી દ્વારા નક્કી થયા મુજબ આ વરસે મોથાળા ખાતે ગામના સુરેશ વિશ્રામ મંગે દ્વારા મંદિર પર નુતન ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. પેડી ચડાવી ભોગ





લગાવાયો હતો તથા ત્યારબાદ આરતી સવારે દશ કલાકે કરવામાં આવી હતી. ભાવિકો માટે લાઈવ દર્શનની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના મારફતે મંગે પરિવારના સ્થાનિક અને ભારતભરમાં વસતા ભાઈ-બહેનોએ ઘેરબેઠા આરતી દર્શન સાથે ઘરે જ પેડી-પ્રસાદ અને દર્શનનો લાભ લીધો હતો. ભુઈમાએ માતાજી પાસેથી મળેલ આશીર્વાદ સમગ્ર મંગે પરિવાર માટે પાઠવ્યા હતા.

લક્ષ્મીશંકર જોષીએ મોથાળા મંદિર મધ્યે વિધી કરાવી હતી મોથાળા ખાતે કાર્યક્રમ માટે સુરેશ વિશ્રામ મંગે, રાજેશ રતનશી મંગે, ખીમજી ધીરાઉ ગોરી, મયુર વિરજી મંગે મોથ ળા ભાનુશાલી મહાજનના સર્વે કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી. મંગે પરિવાર દ્વારા તેમના આભાર વ્યક્ત કરાઓ હતો તેવું આશાપુરા માતાજી મંદિર ટ્રસ્ટ કમિટીનો વંસતભાઈ મંગે તથા દામજીભાઈ મંગે તથા દામજીભાઈ મંગેની યાદીમાં જણાવાયું હતું.

# મુલુંડ ઓક્ટ્રોય નાકાનું કોરોના કેર સેન્ટરમાં રૂપાંતર





કોરોના કેસોમાં રાજ્ય સહિત ઉપનગરોમાં પણ લગાતાર વૃદ્ધિ જોવા મળી રહી છે. આના અંતર્ગત ઘણા સ્થળોએ કોરોના વાયરસ કેર સેન્ટરની સંખ્યા વધારવામાં આવી રહી છે. ખાલી સ્થળોએ અથવા તો કોઈક મેદાનમાં કોરોનાના દર્દીઓને તથા કવોરેન્ટાઇન દર્દીઓને રાખવા માટે જગ્યાની ફાળવણી કરવામાં આવી રહી છે. આ દરમિયાન મુલુંડ પશ્ચિમ ઓક્ટ્રોય નાકા ઉપર પણ નવું કોરોના કેર સેન્ટર ચાલુ કરાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે મુલુંડ પૂર્વ મીઠાગર સ્કૂલ અને મુલુંડ પશ્ચિમ રિદ્ધિ-સિદ્ધિમાં કોરોનાનો ઈલાજ ચાલુ છે. ત્યાં આગળ તેમના માટે બધા પ્રકારની વ્યવસ્થા કરાઈ છે. પરંતુ કોરોનાના પ્રકોપને જોતા અને લગાતાર કેસોમાં થઈ રહેલો વધારો ધ્યાનમાં રાખીને નવા સેન્ટરની જરૂર પડી શકે છે.

આથી કોરોના વાયરસ સંક્રમિતોને ઉપચાર પ્રદાન કરવાની ક્ષમતા વધારવા માટે મુલુન્ડ પશ્ચિમ સ્થિત ઑક્ટ્રોય નાકા ઉપર નવું કોરોના કેર સેન્ટર ઉભું કરાયું છે. જે ૧૨૫ બેડની ક્ષમતા ધરાવે છે. ઑક્ટ્રોય યાર્ડની અંદર બનાવવામાં આવેલા આ કોરોના કેર સેન્ટરનું ઈશાન મુંબઈના સાંસદ મનોજ કોટક, સ્થાનિક વિધાયક મિહિર કોટેચા, મુંબઈ મનપા નાયબ કમિશનર શ્રી બાલામવાર અને સહાયક મનપા કમિશનર કિશોર ગાંધીએ નિરીક્ષણ કર્યું હતું અને કોરોના સંક્રમિતોના ઉપચાર માટેની તૈયારીઓ ચકાસી હતી.

સ્વાસ્થ્ય વિભાગ પાસેથી મળેલી માહિતી અનુસાર હમણાં બધા સંક્રમિતોનો ઈલાજ મુલુંડ પશ્ચિમની મીઠાગર સ્કુલ તથા મુલુંડ પશ્ચિમમાં રિદ્ધિ-સિદ્ધિમાં કરવામાં આવી રહ્યો છે. અન્ય દર્દીઓ માટે પૂરતા સ્થળો ઉપલબ્ધ ન થઈ શકે તો તેમને ચેકનાકા સ્થિત કોરોના કેર સેન્ટરમાં મોકલવામાં આવશે.

# મુંબઈનું પાવનધામ જૈન સંકુલ કોરન્ટાઈન સેન્ટર માટે સોંપાયો



મુંબઈમાં દિન- પ્રતિદિન કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા વધતી જ જાય છે. રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબએ કરૂણાભાવના સાથે દર્દીઓ માટે દીર્ઘદ્રષ્ટિ કનિદૈ લાકિઅ વાપરી મુંબઈના કાંદિવલી (વેસ્ટ), મહાવીરનગરમાં સ્થિત, સર્વધર્મ સમભાવ અધ્યાત્મક સંકુલના પ્રમુખ દિનેશભાઈ મોદીને, ''પાવનધામ''ને કોરોના કનિદૈ લાકિઅ સંક્રમિત અકિલા દર્દી ઓની સેવા અને સારવાર અર્થે પરમાર્થ ઉપયોગ કરવા પ્રેરણા આપતા તે વિસ્તારના ગોપાલભાઈ શેટ્ટી (એમપી) તથા મુંબઈમાં સારવાર કનિદૈ લાકિઅ કેન્દ્રો બનાવવા જેમને જવાબદારી સોંપાયેલ છે તેવા ઘાટકોપરના પરાગભાઈ શાહ (એમએલએ)ના અકીલા અથાગ પ્રયત્નોથી અને એપેક્ષ હોસ્પિટલના સહયોગથી પાવનધામ- કનિદૈ લાકિઅ કાંદિવલી કોવિડ-૧૯ના દર્દી માટે સારવાર કેન્દ્ર બન્યુ છે.

આ અંગે એપેક્ષ હોસ્પિટલના ડો. વ્રજેશભાઈ શાહ, એક્ષ હેલ્થ મિનિસ્ટર માનનીય દીપકભાઈ કનિદૈ લાકિઅ સાવંત, ગોપાલભાઈ આદિ પાવનધામનું સર્વે કરી ગયાં છે. આ સેન્ટર કાલથી શરૂ થશે. આ સેન્ટર સર્વ માટે હોવા છતાં જો કોઈ પણ જૈન સાધુ- સાધ્વીજી કોરોના કનિદૈ લાકિઅ ગ્રસ્ત થશે તો તેમને સંપૂર્ણ પણે સારવાર મળશે તેવું ટ્રસ્ટી દિનેશભાઈએ જણાવેલ એમ પાવનધામ કમિટિના સભ્ય નિરવભાઈ શાહએ જણાવ્યું છે.



નગરસેવક સુરેશ પાટીલ દ્વારા રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે સ્થાનિક નાગરિકોને હોમિઓપેથીક ઈમ્યુનિટી બુસસ્ટર દવાનું મફતમાં વિતરણ કર્યું હતું.

## જન્મદિવસની શુભકામના...



**Ketan Bhanushali**
**1st June**



**Pooja Timbadia**
**31st may**



**Yash Shah**
**29th May**




## જ્યોતિષ - પ્રકાશ જોષી

મોબાઈલ - ૯૯૬૯૦૪૪૪૮૧

Email : prakasjoshi@gmail.com


**મેષ (અ,લ,ઈ)** : ભ્રાતૃવર્ગ સાથેની પ્રવૃત્તિઓનું પ્રમાણ ઓછું થાય. પોતાની પ્રવૃત્તિઓતમ વધારે ધ્યાન આપતા થવાય. રહીફો અને હિતશત્રુઓ નુકશાન પહોંચાડવા અંગેની પ્રવૃત્તિઓ તરફ વધારે ધ્યાન કેન્દ્રિત કરતા જણાય. નાણાં ભીડ અંગેની તકલીફોનો સામનો કરવો પડે. ભાગીદાર જીવનસાથીના સાથ સહકાર માટે વધારે રાહ જોવી પડે તથા અપેક્ષા પ્રમાણે સહકાર નબળો ઓછો રહે.

**વૃષભ (બ,વ,ઉ)** : સમય આનંદમાં પસાર કરવાના પુરતા પ્રયત્નો કરો અને સ્થિતિઓ અંકુશમાં રાખતા હોવાનો અનુભવ લઈ શકો છો. પરિસ્થિતિ તમારી તરફેણમાં લાવવાના પ્રયત્નો સફળ રહે આવક થતા નાણાંકીય સ્થિતિમાં સુધારો થાય. સાહસિક અને સટ્ટાકીય પ્રવૃત્તિ તરફ વધારે આકર્ષણ રહેતું જોવાય. શારિરીક પરીશ્રમ વધારે થતાં થાક અને આરામમાં વધારે પ્રવૃત્તિ રહેતાં જણાય.

**મિથુન (ક,છ,ઘ)** : ઋતુ પ્રકોપ સાથે પ્રવાસ અંગેની સ્થિતિ ઉદ્‌ભવી શકો છો. સ્વાસ્થ્ય બાબતે સુધારો જોવા મળે. માત્ર સેવા સાથે ઘરેલું વાતાવરણમાં સુધારો લાવવાના પ્રયત્નો વધારે કરતાં જણાય. સાહસ સાથે સંતાનો પછી સુખ ઓછું થતું જણાય. તેને કારણે અહમ્‌ના ટકરાવના પ્રસંગોમાં વધારો થતો જોવાય. સાહસિક કામ કરવા અંગેની અંતઃસ્ફુરણા આંધુળકીયા કરવા માટે કાર્ય કરાવે.

**કર્ક (ડ,હ)** : શારિરીક સ્વાસ્થ્ય બાબતે પુરતું ધ્યાન આપવું જરૂરી થાય. સંતાનો બાબતે ખોટી પ્રવૃત્તિ અથવા અતિ સાહસિક કામ તરફ વધારે પ્રમાણમાં આકર્ષિત થતા જોવાય. ધંધાકીય પ્રવૃત્તિ અંગે બહારગામ જવાનું શક્ય થાય. મોજશોખનું પ્રમાણ ઘટેલું જોવા મળે. ભ્રાતૃ સુખ પણ પ્રમાણમાં ઓછું રહેતું જોવાય. સ્નેહીજનો સાથેના સંપર્કમાં ઘટાડો થયેલો જોવા મળે. રાહતની લાગણી થાય.

**સિંહ (મ,ટ)** : સંપર્ક અને વિચારવિનિમયનો લાભ મળતો જોવાય. દલાલી-કમિશન અંગેના કાર્યો દ્વારા આવક થઈ સકે છે. ઓળખાણોનો લાભ મળી શકે છે. આવક થવાથી નાણાંભીડનું પ્રમાણ નહિવંત જણાય. છતાં મોજ મસ્તીની પ્રવૃત્તિઓ ઓછી થતી જણાય. કામકાજમાં મંદીનું પ્રમાણ વધારે રહેતું જણાય, જેથી ફાજલ સમયમાં આનંદ-પ્રમોદની ઈચ્છા પુરી કરવા અંગેના કામકાજો પર ધ્યાન આપી શકો.

**કન્યા (પ,ઠ,ણ)** : ઋતુ પ્રકોપ સાથે માનસિક ઉદ્વેગનું પ્રમાણ પણ વધારે રહેતું જોવાય. અધુરા રહેલા કાર્યો પુરા કરવા અંગેના સંકલ્પો સિધ્ધ કરવા માટે વધારે પ્રમાણમાં પ્રવૃત્ત રહેવું પડે. સુઝબુઝ તથા કુનેહથી કામ કરતા પાછલા કામો પુરા થતા રાહતનો દમ લઈ શકાય છે. આગળ પર કૌટુંબિક સહકારનું પ્રમાણ ઓછું રહેતું જણાય અન્ય પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેવા થકી લાગણીઓનું પ્રમાણ ઓછું રહેતું જણાય.

**તુલા (ર,ત)** : અન્ય કામકાજો કરતા સાહસ-સટ્ટા તરફ વધારે આકર્ષણ રહેતું જોવાય. નાણાંકીય રોકાણો પણ તે તરફ વધારે વાળવા પ્રયત્નો કરતાં જણાય. ભાગ્યનો સાથ સહકાર મળતો અનુભવો. દેશાવર-મથક-પરદેશની ધંધાકીય પુછપરછની બાબતે આવકની આશા બંધાય. ધંધાકીય કારણોસર નાની યાત્રા કે પ્રવાસ અંગેના આયોજનો કરવા પડે. આનંદ મેળવવો મુશ્કેલ જણાય. પ્રવૃત્તિઓ વધારે પ્રમાણમાં રહે.

**વૃશ્ચિક (ન,ય)** : પિત્ત પ્રકૃતિ અંગેના વધારાને કારણે મગજમાં ગરમી અને આક્રશોમાં વધારો રહેતો જોવાય. બી.પી. વધારે પ્રમાણમાં રહેતું જણાય તેની થકી સ્વાસ્થ્ય પર વધારે અસર ન થાય તે અંગે સાવધાની વર્તવી અત્યંત જરૂરી છે. ભાગીદાર જીવનસાથીની આવક થકી વ્યવહાર .... જતો જોવાય. મિત્રો-સ્નેહીઓ શુભેચ્છકો સાથેના સંપર્કોમાં ઘટાડો થયાનો અનુભવ થઈ શકે છે.

**ધન (ભ,ધ,ફ,ઢ)** : જીવનસાથી-ભાગીદારના સાથ સહકાર મળી રહેતા આરામ અને રાહતનો અનુભવ લઈ શકાશે. હિતશત્રુઓ મિત્રના સ્વાંનમાં કામ ન કરી જાય તેની તકેદારી રાખવી અત્યંત જરૂરી છે. પ્રવૃત્તિઓમાં વધારો થવો શક્ય છે. હાથ નીચેના વ્યક્તિ અથવા કર્મચારી વર્ગનો સાથ સહકાર પ્રમાણમાં ઓછો મળતો જોવા. સાહસ-સટ્ટાના કામમાં સંભાળપૂર્વક તારવણી કરી નફો તારવી લેવો જરૂરી થાય છે.

**મકર (ખ,જ)** : જીવનસાથી-ભાગીદાર પોતાના સાહસ-સટ્ટાના કામકાજોમાં સાવચેતીપુર્વક આગળ વધે તે જરૂરી છે. કૌટુંબિક સભ્યોની જરૂરીયાત ઘરેલું ખર્ચાના વધારા વગેરે વધારાની આવક દ્વારા પુરા કરવા જરૂરી થાય. ભાગ્યનો સાથ ન મળતા અને હિતશત્રુઓ-હરીફવર્ગની ગતિવિધીઓ ચિંતા ઉભી કરતી જણાય. હાથ નીચેના અંગે કર્મચારી વર્ગના બહાના-નખરા વગેરે જેલવા પડતા જોવાય.

**કુંભ (ગ,સ,શ,ષ)** : ઋતુ પ્રકોપ અને વાયરલ ઈન્ફેક્શનની અસર સ્વાસ્થ્ય પર થઈ શકે છે ધ્યાન રાખવું અત્યંત જરૂરી છે. મિત્રો-શુભેચ્છકો-સહાયકોની સાથે યાત્રા પ્રવાસ અંગેના આયોજન કરવામાં વ્યસ્તતા રહે. સાહસ-સટ્ટા તરફ વધારે આકર્ષણ રહેતું જોવાય. કમીશન-દલાલી-એજેન્સીના કામો દ્વારા આવક થઈ શકે છે. ભાગ્યનો સાથ ઓછો મળવાની શક્યતા જણાય. સંતાનોની પ્રવૃત્તિ તરફ ધ્યાન રાખવું અત્યંત જરૂરી થાય.

**મીન (દ,ચ,ઝ,થ)** : ઋતુ પ્રકોપ અને પ્રસ્વેદની તકલીફો પરેશાનીમાં વધારો થઈ શકે છે. ભાગીદાર-જીવનસાથી પોતાની પ્રવૃત્તિમાં રહેતા રાહત અને આરામનો અનુભવ થાય. છતાં આનંદ-પ્રમોદની અનુભુતી વધારે શંકાઓ ઉપસ્થિત થઈ શકે છે. માત્ર પક્ષતા આગંતુક-મહેમાનોની આગતા સ્વાગતા કરવી પડે અને સમયમ આપવો પડે. આગળ પર ભાગ્યનો સાથ અને સહકાર મળી શકે છે. કૌટુંબિક લાગણીઓ વધે.

# મુંબઈની નદીઓ પર રડાર લેવલ ટ્રાન્સમીટર બેસાડાશે


## નદીઓની જોખમી સપાટી જાણવા મળશે

અતિક્રમણને કારણે નાળામાં રૂપાંતર થઈ ગયેલી નદીઓ ચોમાસામાં જોખમની સપાટી વટાવતી હોય છે અને પૂર આવતા હોય છે. મીઠી નદીના પાણીની સપાટી પર દર વર્ષે ચોમાસામાં પાલિકા ધ્યાન રાખતી હોય છે પણ હવે

મુંબઈની પાંચ મુખ્ય નદી અને બે તળાવ પર રડાર લેવલ ટ્રાન્સમીટર બેસાડવામાં આવવાનું છે, તેથી ચોમાસામાં નદી જોખમી સપાટી ઓળંગે અથવા તળાવ ઓવરફ્લો થયા તો તુરંત ડિઝાસ્ટર કંટ્રોલ સુધી ચેતવણી પહોંચાડી શકાશે. ૨૬ જુલાઈ ૨૦૦૫ના રોજ મીઠી નદીને કારણે મુંબઈમાં પૂર આવ્યા હતા. તેમ જ ઓશિવરા, દહિસર નદીઓ પણ જોખમી સપાટી વટાવી જતા પશ્ચિમ ઉપનગરમાં પૂરની પરિસ્થિતિ નિર્માણ થઈ હતી. તેથી બ્રિમસ્ટોર્વડ પ્રોજેક્ટ અંતર્ગત મુંબઈની નદી અને નાળાને પહોળા કરવાનું કામ કરવામાં આવી રહ્યું છે. તો આ પ્રોજેક્ટના આગામી તબક્કામાં નદીમાં આવતા પૂરનો અંદાજ મેળવવા માટે રડાર લેવલ ટ્રાન્સમીટર બેસાડવામાં આવ્યા છે. જેમાં મીઠી, ઓશિવરા, પોઈસર, દહિસર અને વાકોલા નદી અને પવઈ તથા વિહાર તળાવનો સમાવેશ થાય છે. છેલ્લાં થોડા વર્ષમાં અતિવૃષ્ટિ થઈને મુંબઈનું પાણીમાં ડૂબવાનું પ્રમાણ વધી ગયું છે, તેથી આ જોખમ ટાળવા માટે નાળાની સાથે નદીના લેવલ પર પાલિકાએ ધ્યાન આપવાનું ચાલુ કર્યું છે. નદીઓમાં અચાનક પૂર આવ્યા તો રહેવાસીઓનું સ્થળાંતર કરવાની નોબત આવે છે. આવી પરિસ્થિતિમાં જીવિત અને નાણાકીય નુકસાન થતું હોય છે. તેથી આવી આપત્તિલરની સમયસર માહિતી મળે અને તાત્કાલિક ઉપાય યોજના કરવા માટે રડાર લેવલ ટ્રાન્સમીટર બેસાડવામાં આવ્યું છે.

## બહેનશ્રીના વચનામૃત

**- સંકલન વિજય બોટાદરા**




પ્રશ્નઃ પ્રથમ આત્માનુભવ થતાં પહેલાં, છેલ્લો વિકલ્પ કેવો હોય?

ઉત્તરઃ છેલ્લા વિકલ્પનો કોઈ નિયમ નથી. ભેદ-જ્ઞાનપૂર્વક શુદ્ધાત્મતત્વની સન્મુખતાનો અભ્યાસ કરતાં કરતાં ચૈતન્યતત્વની પ્રાપ્તિ થાય છે. જ્યાં જ્ઞાયક તરફ પરિણતિ ઢળી રહી હોય છે. ત્યાં ક્યો વિકલ્પ છેલ્લો હોય (અર્થાત છેલ્લે અનુક જ વિકલ્પ હોય) એવો વિકલ્પ સંબંધી કોઈ નિયમ નથી. જ્ઞાયકધારાની ઉગ્રતા તીક્ષ્ણતા થાય ત્યાં 'વિકલ્પ ક્યો?' તેનો સંબંધ નથી.ભેદજ્ઞાનની ઉગ્રતા, તેની લગની, તેની જ તીવ્રતા હોય શબ્દથી વર્ણન ન થઈ શકે. અભ્યાસ કરે, ઊંડાણમાં જાય, તેના તળમાં જઈને ઓળખે, તળમાં જઈને ઠરે, તો પ્રાપ્ત થાય-જ્ઞાયક પ્રગટ થાય. - ૪૨૯

## વોઈસ ઓફ ઘાટકોપરના વોટ્સએપ નેટવર્ક તથા ગ્રુપમાં જોડાવવા માટે ઘાટકોપરવાસીઓને આમંત્રણ

# કોરોના સંબંધી પ્રમાણિત માહિતી મેળવવા માટે

# વોઈસ ઓફ ઘાટકોપરના વોટ્સ એપ ગ્રુપમાં જોડાઓ

ઘાટકોપરના ન્યુઝ

કોરોના અપડેટ્સ

# વોઈસ ઓફ ઘાટકોપર on Whats App

રાષ્ટ્રીય/ આંતરરાષ્ટ્રીય સમાચારો

બ્રોડકાસ્ટ અપડેટ્સ

ઘાટકોપરની સમસ્યાઓ

## STEPS

1) Add 9022279684 to your contact list as Voice of Ghatkopar
2) Send Whatapp Message to above number with your Full Name and Full Address (For Ghatkopar Residents only)
3) Start Receiving Broadcast Messages on Whatsapp
4) You can share Problems/Complaint of your Area, News Updates and Celebration Photos of your Society etc In Whatsapp group

Printed & Published by **Jayant Visanji Chheda,** Owned & Edited by **Jatin Jitendra Kothari** and Printed at : **MID DAY Infomedia Limited.,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701. and Published at 601, Abhinandan Apt., Sarvodaya Nagar, Mulund (West), Mumbai - 400 080. • **E-mail : voiceofghatkopar@gmail.com • RNI : MAHGUJ/2008/28113**